Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवस्तु परमैक्येन सर्वेषु सत्सु
आत्मानन्द प्रकाशाद्' भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४७ फाल्गुन आत्म सं. २५ | अंक ८ मो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ શ્રી મહાવીર સ્તુતિ ... | ૧૯૯ | ૫ સાર્વજનિક જાહેર સંસ્થાઓની નિષ્ફળ થતી ચળવળ અને તેનાં કારણો... | ૨૧૭ |
| ૨ મનઃસંયમ. ... ... ... | ૨૦૦ | ૬ જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૨૧૯ |
| ૩ જગત માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના... ... ... | ૨૦૭ | ૭ ગ્રંથાવલોકન. ... ... ... | ૨૨૧ |
| ૪ સર્વ જીવોની ઉન્નતિ સંબંધી બે મિત્રોનો સંવાદ... ... ... | ૨૧૫ | ૮ વર્તમાન સમાચાર. ... | [illegible] |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

## આત્માનંદ પ્રકાશના ચાલતા ( અઢારમાં ) વર્ષની અપૂર્વ ભેટ

# શ્રી ઉપદેશ સિત્તરી ગ્રંથ.

શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞગ્રાહકોને આ અઢારમા વર્ષની ભેટની બુક "શ્રી ઉપદે સિત્તરી" ( અપૂર્વ ઉપદેશ સાથે અનેક કથાઓ સહિત ) શુમારે વીશ ફારમનો મોટો ગ્રં આપવાનું મુકરર થયું છે, આવી સખ્ત મોંઘવારી છતાં દર વર્ષે નિયમિત આટલા ફારમન મોટી ભેટની બુક ( માસિકનું લવાજમ કાંઇ પણ નહિ વધાર્યા છતાં ) આપવાનો ક્રમ માત્ર આ સભાએજ રાખ્યો છે, તે અમારા માનવંતા ગ્રાહકોની ધ્યાન બહાર હશેજ નહી, તેનું કારણ મા જૈન સમાજને સસ્તી કિંમતે-ઓછી કિંમતે વાંચનનો બ્હોળો લાભ આપવાના હેતુને લઇને છે. જેથી દરેક જૈન બંધુએ આ માસિકના ગ્રાહક થઇ તેનો લાભ લેવા સાથે જ્ઞાન ખાતાને ઉત્તેજન આપવા ચુકવું નહિ. અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક જલદીથ આપવાની છે જેથી તેનું છપાવવાનું કાર્ય શરૂ થઇ ગયું છે, જેથી જે બંધુઓને ગ્રાહક ન રહેવું હોય તેમણે હાલમાંજ અમોને પત્ર દ્વારા જણાવવું કે જેથી નાહક જ્ઞાન ખાતાને નુકશાન ન થાય; પરંતુ બાર માસ સુધી ગ્રાહક રહી અંકો રાખી પછવાડે ભેટની બુક લવાજમ વસુલ કરવા વી. પી. થી મોકલવામાં આવે. ત્યારે પાછી મોકલી નકામો ખર્ચ કરાવી વિના કારણ જ્ઞાન ખાતાને નુકશાન કરવું અને તેના દેવાદાર રહેવું તે યોગ્ય નથી. માટે જેઓને ગ્રાહક ન રહેવું હોય તેઓએ અમોને સ્પષ્ટ ખુલાસો લખી જણાવવો એવી નમ્ર સુચના કરીયે છીયે.

---

### માત્ર થોડીજ નકલો સીલીકે છે.

# "શ્રી દેવ ભક્તિ માળા પ્રકરણ ગ્રંથ."

### ( જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ છે )

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભક્તિનું સ્વરૂપ. ૧ પૂજા ભક્તિનો પ્રભાવ ૨ આજ્ઞા ભક્તિ, ૩ દેવ દ્રવ્ય સંરક્ષણ ભક્તિ ૪ મહોત્સવ ભક્તિ, ૫ તીર્થ યાત્રા ભક્તિ એ પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણે અને શાસ્ત્રીય દ્રષ્ટાંતો આપી શંકા સમાધાન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં લખવામાં આવ્યું છે. આ ગ્રંથના લેખક પંન્યાસજી દેવવિજયજી મહારાજ છે. ગ્રંથ ખરેખર મનનીય અને પ્રભુ ભક્તિ કરવા માટે એક ઉત્તમ સાધન અને આલંબનરૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે જવા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. ઉંચા ઈંગ્લીશ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી તે પ્રકટ કરવામાં આવ્યો છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભીત કરવામાં આવેલ છે. પચીશ ફારમ બશેંહ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ. ૧-૪-૦ સવા છે પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી બાકી છે. જોઈએ તેમણે આ સભાને શીરનામે લખી મંગાવવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८ ] वीर संवत् २४४७ फाल्गुन आत्म संवत् २५. [ अंक ८ मो.

## श्री महावीर स्तुति.

સ્ત્રગ્ધરા.

પૂજ્યા જે પ્રેમધારી અખિલ જગતમાં સર્વ ઇંદ્રે સુરીંદ્રે,
વર્તે છે વર્તમાને પૃથિવીતલવિષે જેમનું પૂર્ણ રાજ્ય;
કીધાં છે જેમણે આ જગતજનપરે ઉપકારો મહાન,
તે શ્રી મ્હાવીર કેરાં ચરણકમળમાં નિત્ય કીજે પ્રણામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મન: સંયમ

( ગતાંક પૃષ્ટ ૧૯૩ થી શરૂ )

વિઠ્ઠલદાસ. મૂ. શાહ, બી. એ.

મનુષ્યમાં રહેલી ક્રોધ, માન આદિ શક્તિઓની પૃથક્ પૃથક્ પરીક્ષા કરવાથી એટલું જાણવામાં આવે છે કે તે સર્વે અમુક હદ સુધી તેને ઉપકારક બને તેમ છે. સૌથી પહેલાં આપણે માનનો વિષય વિચારીશું. ઉક્ત માન કષાય મનુષ્યને અનેક પ્રકારના અનિષ્ટથી બચાવે છે, તેને પરસ્પરનો વ્યવહાર ચલાવવા શક્તિવાન બનાવે છે, પરસ્પર વિશ્વાસ સ્થાપિત કરે છે, અનેક પ્રકારના જ્ઞાન અને કળાકૌશલ્ય શીખવાને તેને ઉત્સાહિત બનાવે છે, રાતદિવસ પરિશ્રમ કરવા તરફ પ્રેરે છે, તેની પાસે મહાન ચતુરાઇ ભર્યાં કાર્યો કરાવે છે અને તેને સર્વ પ્રકારની ઉન્નતિ પ્રતિ આકર્ષે છે. એથી ઉલ્ટું જે મનુષ્યમાં સ્વાભિમાનનું પ્રમાણ ઓછું થઇ જાય છે તે તદ્દન બેશરમ બની જાય છે અને અધમ કાર્યો કરતાં લેશ પણ અચકાતો નથી. તે બીજા લોકોનો તિરસ્કાર સહન કરીને પણ બીજાની આજીવિકાના સાધનો તોડવામાં જરાપણ શરમાતો નથી. સાચી વાત તો એ છે કે જેનાં હૃદયમાં પોતાની માન મર્યાદાનો ખ્યાલ નથી હોતો તે વસ્તુત: મનુષ્યજ નથી. કેમકે તેવા માણસ ઉપર કોઇ જાતનો વિશ્વાસ મુકી શકાતો નથી. ખરૂં કહીએ તો એવા માણસની સાથે કોઇ પ્રકારનો વ્યવહાર કરવો પણ ઉચિત નથી અને તેની પાસે બેસવું પણ યોગ્ય નથી; કેમકે જેને પોતાના સ્વમાન-મર્યાદાનો ખ્યાલ નથી તે બીજાની ઇજ્જત બગાડતાં અને માન-મર્યાદાનો ભંગ કરતાં જરાપણ વિલંબ કરતો નથી.

પરંતુ ઉક્ત માન અધિક વધી જાય તો તે અત્યંત હાનિકારક નીવડે છે. કેમકે અધિક માની પુરૂષ હમેશાં બીજાને દબાવવાજ ઇચ્છે છે. તેનાં એવાં વર્તનથી અનેક પુરૂષો તેના વૈરી બની જાય છે. તે ઉપરાંત માની પુરૂષ પોતાની સ્થિતિ, શક્તિ, આવક તથા જરૂરીઆતનો ખ્યાલ રાખ્યા વગર પોતાનાથી જે મોટા હોય છે તેનું અનુકરણ કરવા લાગે છે અને પોતાની જાતને મોટો સિદ્ધ કરવામાં પોતાનું સર્વસ્વ ખર્ચી નાંખે છે. આનું પરિણામ એ આવે છે કે તે એવી ખોટી મોટાઇની જાળમાં ફસાઈ તે પોતાની ખરી માન-મર્યાદા પણ ગુમાવે છે અને પોતે બીજાની બરાબર ઉન્નતિ ન કરી શકવાથી તેઓની ઉન્નતિ જોઇને પોતાનાં મનમાં બળવા લાગે છે અને તેઓને નીચે પાડવાના અધમ અને નિંદ્ય પ્રયત્નો આરંભે છે. એમ કરવામાં તે ફલીભૂત થતો નથી ત્યારે તે મનની અંદર તેને પાયમાલ કરવાની ભાવના ભાવે છે અને તેનો શીઘ્ર નાશ થાય એવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કષાય અત્યંત વધી જવાથી મનુષ્ય પોતાની જાતિ, મિલ્કત અને પૂર્વ અવસ્થાના ઘમંડમાં આવી જઈને પોતાની આજીવિકાને માટે સુલભ તેમજ સર્વોત્તમ ઉપાયો પસંદ નથી કરતો અને નિરૂદ્યમી થઇ પોતાની પ્રથમની પૂંજી ખલાસ કરી નાંખે છે. છેવટે તે ભૂખે મરતા ભીખારીની સ્થિતિએ પહોંચે છે, જે વડે તેની બાકી રહેલી માન–મર્યાદા પણ નષ્ટ થઇ જાય છે અને તે વિવશ બનીને ફરી પોતાના ઉદર પોષણ માટે એવાં નીચ કાર્યો કરવામાં પ્રવૃત્ત બને છે કે તે તદ્દન ભ્રષ્ટ અને નિર્લજ્જ બની જાય છે. એ મુજબ જે લોકોને પોતાની જુઠી માન–મર્યાદા વધારવાની ધૂન લાગે છે તેઓ ધન પ્રાપ્ત કરવા ખાતર અન્યાય અને કુકર્મો કરવા લાગે છે. પરંતુ તેમ કરવાથી તેઓ કોઇ એવી જાળમાં ફસાઇ જાય છે કે તેઓની જે કાંઇ ઇજ્જત રહી હોય છે તે પણ ધૂળમાં મળી જાય છે. કહેવાની મતલબ એ છે કે જુઠા માનના પંજામાં ફસાઇ પડવાથી મનુષ્ય પોતે બરબાદ બની જાય છે અને બીજાને પણ નુકશાન પહોંચાડે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જેવી રીતે પોતાના સ્વમાનનો ખ્યાલ ત્યજી દેવાથી મનુષ્યને નુકશાન થાય છે તેવી રીતે તેને જરૂર કરતાં વિશેષ વધારવાથી પણ તેને નુકશાન પહોંચે છે, તેથી પ્રત્યેક મનુષ્યને માટે એટલું આવશ્યક અને ઉચિત છે કે તેણે પોતાની વિવેક બુદ્ધિથી સમજીને સ્વમાન–મર્યાદાને જરૂરથી વધારે વધવા ન દેવી જોઇએ તેમજ ઘટવા પણ ન દેવી જોઇએ.

એવીજ રીતે જો મનુષ્યમાં લોભ ન હોય તો તે સંસારની વસ્તુઓની પ્રાપ્તિ અર્થે કાંઇ પ્રયત્ન ન કરે અને કોઇ વસ્તુની સંભાળ ન રાખે. પરંતુ લોભનું પ્રમાણ વધી જવાથી પણ મનુષ્યની જે દુર્ગતિ થાય છે, તેને જે આપત્તિઓ વેઠવી પડે છે તે કોઇનાથી અજાણી નથી. મનુષ્ય અત્યંત લોભી બને છે ત્યારે તે અનેક બિન-જરૂરી વસ્તુઓનો સંચય કરે છે. હજારો કષ્ટ સહન કરે છે, અને ખરી જરૂરીઆતને પ્રસંગે પણ તે વસ્તુઓનો ઉપયોગ કરતો નથી. તેના રક્ષણને અર્થે તે મહાન અન્યાય અને અધમાધમ કર્મો કરતાં અચકાતો નથી. નથી તેને રાજ્યદંડનો ડર લાગતો અને નથી તે ઉચિત અનુચિતનો વિચાર કરતો. લોભની પ્રબળતાએ સંસારમાં એવો ઉપદ્રવ મચાવી મુકેલ છે કે મનુષ્ય હિંસ્ર પશુંઓથી પણ અધિક દુષ્ટ અને પરાપહારક બની ગયેલ છે. તે બીજાને હાનિ પહોંચાડવામાં, બીજાના હક્ક છીનવી લેવામાં અને બીજાનો માલ પચાવી પાડવામાં જરાપણ વિચાર કરતો નથી. મનુષ્ય જાતિની અંદર અશાંતિ ફેલાવાનું એ પણ એક કારણ છે. પ્રાયે કરીને મનુષ્યો પોતપોતાનો સ્વાર્થ સાધવામાં પડી ગયા છે જેને લઇને મનુષ્યોનો પારસ્પરિક વ્યવહાર તદ્દન બગડી ગયો છે. એટલા માટે પ્રત્યેક મનુષ્યને માટે આવશ્યક છે કે તેણે પોતાની લોભવૃત્તિ ઉપર અંકુશ રાખવો જોઇએ અને તેને કદી પણ હદ બહાર જવા દેવી જોઇએ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન અને લોભની માફક ક્રોધ પણ મનુષ્યને માટે એક ઉપયોગી શક્તિ છે. ક્રોધનીદ્વારા મનુષ્ય પોતાના શત્રુઓને દબાવી શકે છે. તેમજ પોતાની માન -મર્યાદા, ધન-સંપતિ આદિનું રક્ષણ કરી શકે છે. પરંતુ વાતવાતમાં ક્રોધ કરવો, વિના કારણે તેનો ઉપયોગ કરવો, અને તેના આવેશમાં અનુચિત કાર્યો કરવા તે ઘણુંજ ખરાબ છે. તેથી ક્રોધને પણ હમેશાં પોતાના અંકુશમાં રાખવો જોઇએ. સ્મરણમાં રાખો કે જેવી રીતે ઘરની અંદર સળગાવેલો અગ્નિ ઘરની હવાને શુદ્ધ કરે છે, શરીરની અંદર રહેલી ગરમી પરસેવો લાવીને લોહીને સાફ બનાવે છે તેવી રીતે ક્રોધાગ્નિ પણ મનુષ્યોના વૈરીઓને દૂર હઠાવે છે અને તેને અનેક તરેહનાં ઉપદ્રવોથી બચાવીને સુખશાંતિ આપે છે. પરંતુ જેવી રીતે ઘરની અંદર સળગાવેલો અગ્નિ અધિક પ્રમાણમાં પ્રજવલિત થાય તો તે નિરંકુશ બનીને ઘરનેજ ભસ્મીભૂત કરી મૂકે છે, શરીરની અંદર રહેલી ગરમી અધિક પ્રમાણમાં વધી જવાથી અનેક પ્રકારના રોગો પેદા કરે છે તેવીજ રીતે ક્રોધાગ્નિનું પ્રમાણ વધી જવાથી પણ અત્યંત અનિષ્ટ પરિણામ આવે છે. તેથી કરીને ક્રોધાવેગને પોતાના કાબુમાં રાખવાની અને તેને હદબહાર ન વધવા દેવાની જરૂર છે, એ ઉપરાંત એટલું પણ સમજી લેવું જોઇએ કે વાતવાતમાં મોઢું બગાડવું, હરવખત ક્રોધ કરવો, ચ્હીડીઓ સ્વભાવ રાખવો, હમેશાં મોઢું ચડાવેલું રાખવું, રોષમાંજ વાત કરવી એ સર્વ નિર્બલતાની નિશાનીઓ છે. એમ કરવાથી આપણું કાંઇ પણ ગૌરવ રહેતું નથી. એટલા માટે મનુષ્યે હરવખત પ્રસન્નચિત્ત અને હસમુખા રહેવું જોઇએ અને વાતવાતમાં ક્રોધાવેગને વશ થવું જોઇએ નહિ. એ સિવાય પોતાના સંતાનને, શિષ્યોને, સેવકોને અથવા અન્ય કોઇને સુધારવા માટે શિક્ષા કરવામાં કદિ ભૂલથી પણ ક્રોધ કરવો જોઇએ નહિ, બલ્કે તેઓને સુધારવાના અને બીજાઓ માટે ઉત્તમ દૃષ્ટાંત બેસાડવાના ખ્યાલથી એ કાર્ય અત્યંત શાંતિ તેમજ વિવેકપુર:સર કરવું જોઇએ. એવાં કાર્યને ક્રોધની સાથે કશો સંબંધ નથી.

કોઈકોઇ વખત મનુષ્ય એવી મુશ્કેલીમાં આવી પડે છે કે તે સીધા, સરલ અને સાદા ઉપાયોથી પોતાનાં જાનમાલની રક્ષા કરી શકતો નથી, પોતાના પ્રબલ વૈરીથી પોતાની જાતને બચાવી શકતો નથી, અને કોઇ મહાન ઉપદ્રવને દબાવી શકતો નથી. આવા કઠિન પ્રસંગને માટે મનુષ્યની અંદર માયા નામની એક શક્તિ રહેલી છે કે જે દ્વારા તે સાચીખોટી વાતો બનાવીને અથવા કાંઇનુંકાંઇ બતાવીને પોતાનાં જાનમાલ બચાવી શકે છે તેમજ કોઈ મહાન ઉપદ્રવને દબાવી શકે છે. પરંતુ આ નિંદ્ય શક્તિનો ઉપયોગ અતિશય જરૂરી પ્રસંગ વગર કદિ પણ કરવો ઉચિત નથી; બલ્કે બને ત્યાં સુધી તેનાથી દૂર રહેવું જોઇએ. કેમકે મનુષ્યનું મનુષ્યત્વ પારસ્પરિક વ્યવહારથી બનેલું છે અને પારસ્પરિક વ્યવહાર પરસ્પર વિશ્વાસ વગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલી શકતો નથી. એ કારણથી પરસ્પર વિશ્વાસમાં જેટલી ન્યૂનતા રહે છે તેટલું મનુષ્યનું મનુષ્યત્વ પણ બગડે છે. એટલા માટે એ માયાચાર કરવાની શક્તિ ને હમેશાં દબાવી રાખવાનીજ જરૂર છે. એનો ઉપયોગ તો એવા કોઇ અનિવાર્ય જરૂરના પ્રસંગે કરવો જોઇએ કે જ્યારે બીજો કોઈ પણ ઉપાય ચાલી શકે તેમ ન હોય અને તે વગર પોતાને શિરે કોઇ મહાન આપત્તિ આવી પડે તેમ હોય. પરંતુ ખેદની વાત છે કે આજકાલના લોકો વાતવાતમાં માયાચારથી કામ લે છે અને અસત્ય, દગાબાજી, છલપ્રપંચ આદિથીજ પોતાના નાનાંમોટાં સર્વ કાર્યો કરે છે. આનું પરિણામ એ આવ્યું છે કે મનુષ્યના પારસ્પરિક વ્યવહારમાં અત્યંત શિથિલતા આવી ગઇ છે અને મનુષ્યજાતિની વાસ્તવિક ઉન્નતિનો ક્રમ રોકાઈ ગયેલ છે. એનાથી મનુષ્યજાતિની સુખ–શાંતિનો નાશ થઇ ગયો છે અને તેના દુઃખોની સંખ્યામાં વધારો થયો છે. આ માયાચારે ભારતવર્ષને એક વિશેષ રૂપથી ઘેરી લીધું છે કે જ્યાં લાખો માણસો ભેગાં મળીને મોટી કંપનીઓ તો શું ચલાવે, પણ બે સગા ભાઇઓ પણ સાથે રહીને પોતાનો વ્યવહાર સારી રીતે નિભાવી શક્તા નથી. આમ હોવાથી હિંદુસ્તાનના વેપારમાં પ્રગતિ જોવામાં આવતી નથી અને નજીવી વસ્તુઓ માટે પણ તેને બીજા ઉપર આધાર રાખવો પડે છે.

ભય પણ મનુષ્યનું ઘણું રક્ષણ કરે છે. જો સાચું કહીએ તો ભયજ મનુષ્યને સર્વ પ્રકારની આપત્તિઓથી બચાવે છે. જો મનુષ્યમાં ભય ન હોત તો તે બળતી આગમાં કૂદી પડત અને પોતાના હાનિ લાભનો વિચાર કર્યા વગર અનેક અવળાં કાર્યો કરત. પરંતુ એથી ઉલ્ટું વિના કારણ ભયની કલ્પના કરવી, જે આપત્તિ આવવાની હોય તે સહન કરવા માટે તૈયાર ન બનવું, કોઇ આપત્તિ આવવાથી ભયને લઇને ભાન ભૂલી જવું, ભયને સમયે ધીરજ તજી દઇને આપત્તિથી બચવાનો કોઈ ઉપાય ન કરવો, ભયને લઇને ગભરાઇ જવું, અથવા પોતાનાં રક્ષણનો માર્ગ નિશ્ચિત ન કરવો અને જરૂર વગર ભયની સન્મુખ જઇને પોતાનો સર્વ નાશ કરવો એ બધી બાબતો એવી છે કે જે ભયનો દુરૂપયોગ કરવાથી અથવા તેનું પ્રમાણ વધી જવાથી ઉપસ્થિત થાય છે, અને જેને લઇને મનુષ્યની ઉપર મહાન વિપત્તિઓ આવી પડે છે અને દુઃખની ભયંકરતા વધી જાય છે. ખરૂં તો એ છે કે સંસારનાં સઘળાં કાર્યોમાં હાનિ લાભ, સુખદુઃખ રહેલાં છે, અર્થાત્ કોઈપણ કાર્ય એવું નથી જોવામાં આવતું કે જેમાં કેવળ સુખજ હોય અને હાનિ જરાપણ ન હોય. આવી સ્થિતિમાં જે કાર્યોમાં હાનિ અધિક હોય અને લાભ અલ્પ હોય તેવાં કાર્યો કરતાં મનુષ્યોએ ભય રાખવો જોઇએ અને જે કાર્યોમાં હાનિ અલ્પ હોય તથા લાભ વધારે હોય તેવાં કાર્યો પોતાની વિચારશક્તિથી પસંદ કરી લેવા જોઇએ. પરંતુ જે લોકોમાં ભયનું પ્રમાણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધી જાય છે તેઓની વિચાર શક્તિ શિથિલ બની જાય છે, તે કારણને લઇને કયા કાર્યમાં હાનિ અધિક છે વા અલ્પ છે તે વાતનો તે પોતે નિશ્ચય કરી શકતો નથી. કદાચ કોઇ એ વાતનો નિશ્ચય કરાવે તો પણ તે ભયને આધીન બનીને અલ્પ હાનિ યા દુઃખવાળાં કાર્યો કરવાનું પણ સાહસ કરતો નથી અને ભય તથા આકુલવ્યાકુલતામાં જ પોતાનું સમસ્ત જીવન વ્યતીત કરે છે. એટલા માટે પ્રત્યેક કાર્યમાં ભયથી કામ તો અવશ્ય લેવું જોઇએ, પરંતુ તેને જરૂર કરતાં વિશેષ પ્રમાણમાં કદી પણ વધવા દેવો જોઇએ નહિ.

સ્નેહ તથા દ્વેષ, સુખ તથા દુઃખ પણ મનુષ્યને અતિ ઉપયોગી થઇ પડે છે. ખરૂં કહીએ તો એ ચાર શક્તિઓને લઇને મનુષ્ય ભિન્ન ભિન્ન પ્રકારના કાર્યો કરે છે અને ઉન્નતિના માર્ગ પર વિચરે છે. પરંતુ એ ચારે શક્તિઓ જ્યાંસુધી તેની ઉચિત મર્યાદામાં રહે છે ત્યાંસુધી લાભકર્તા બને છે. મર્યાદાનું ઉલ્લંઘન થવાથી તેઓ પણ ભયંકર બની જાય છે અને મનુષ્યને ઘણીજ હાનિ પહોંચાડે છે. સ્નેહ હદબહાર વધી જવાથી જે સ્ત્રી અથવા પુરૂષની સાથે મહોબત કરવાનો મનુષ્યનો અધિકાર નથી હોતો તેની સાથે તે મહોબત કરવા લાગે છે. તેનું પરિણામ એ આવે છે કે તેને લઇને તે અપમાનિત બને છે. મનુષ્ય તે મહોબતથી કોઈકોઇ વખત એવો વિહ્વલ બની જાય છે કે તે પોતાના તથા પોતાના પ્રેમ-પાત્રના હાનિલાભને ભૂલી જાય છે. દાખલા તરીકે આપણા દેશના માતપિતા પોતાનાં સંતાનના સ્નેહમાં એવા બેશુદ્ધ બની જાય છે અને લાડ લડાવીને તેને એવા બગાડી મૂકે છે કે તે પાછળથી પોતાના માતપિતાને અતિશય દુઃખદાતા થઇ પડે છે. સ્નેહનું પ્રમાણ વધી જવાથી મનુષ્યની વિચાર શક્તિ શિથિલ બની જાય છે. અને તેને પોતાના પ્રેમપાત્રના દોષો પણ ગુણ રૂપે ભાસવા લાગે છે. એ રીતે તેના તરફ પક્ષપાતનું પ્રમાણ વધી જવાથી તે બિલકુલ વિચારશૂન્ય બની જાય છે. એવીજ રીતે દ્વેષનું પ્રમાણ વધી જવાથી પણ મનુષ્ય પોતાની વિચારશક્તિ ગુમાવી બેસે છે અને જેની સાથે દ્વેષ થાય છે તેના સદ્ગુણો તેને દુર્ગુણો રૂપે ભાસવા લાગે છે. તે તેના નામશ્રવણમાત્રથીજ મુખ બગાડે છે અને તેનું મુખ જોઇને વિમુખ બની જાય છે. તેજ પ્રમાણે દુઃખનું પ્રમાણ વધી જવાથી પણ મનુષ્યની અકકલ બ્હેર મારી જાય છે અને તે બિલકુલ પાગલ બની જાય છે. તે પોતાનું મસ્તક કૂટે છે, છાતી પીટે છે, કપડાં ફાડી નાંખે છે, કેશ ખેંચી નાખે છે, ઝેર ખાય છે, પાણીમાં ડુબી મરે છે, આત્મઘાત કરવા તત્પર બને છે અથવા એવાં એવાં અનેક તરેહનાં વિપરિત કાર્યો કરે છે. પરંતુ વાસ્તવિક રીતે તો દુઃખ મનુષ્યને એક ઉત્તમ બંધુની ગરજ સારે છે જે કોઇ કાર્ય બગડી જવાથી અથવા પોતાની ઇચ્છાથી વિપરીત કાર્ય થવાથી તેને સમજાવે છે કે એ કાર્ય ઘણું સારૂ છે અને તે તેને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વારંવાર પ્રયત્નો કરવાને તેમજ નવીન નવીન યુક્તિઓથી કોઇ પણ રીતે તે કાર્ય સિદ્ધ કરવાને તેને પ્રેરણા કરે છે, અર્થાત્ દુ:ખ એ શીખવે છે કે કાર્ય બગડી જવાથી તેણે મુખ ન છુપાવવું જોઇએ, બલ્કે પહેલાં કરતાં અધિક સાહસ કરીને જે રીતે બની શકે તે રીતે બગડેલાં કાર્યને સિદ્ધ કરવું જોઇએ. પરંતુ મૂર્ખ લોકો વધારે દુ:ખ આવી પડે છે તો પોતે ઉપાડેલું સાહસ તજી દે છે અને તેઓની બુદ્ધિ ભ્રષ્ટ થઇ જવાથી તેઓ અન્ય જરૂરી કામો પણ બગાડી મુકે છે અને એ રીતે પોતાને અનેક પ્રકારે હાનિ પહોંચાડે છે. તેઓ દુ:ખ જેવી ઉત્તમ શક્તિનું બદનામ કરીને કહેવા લાગે છે કે "શું કરીએ ? અમે તો દુ:ખમાં પડયા રહેવાથી કાંઇ પણ ન કરી શકયા અને અમારા સઘળાં કાર્યો બગડી ગયાં." અત એવ મનુષ્યને માટે જરૂરનું છે કે તેણે મોટામાં મોટી આફત આવી પડે અથવા સારામાં સારૂં કાર્ય બગડી જાય તોપણ કદિ દુ:ખિત થવું જોઇએ નહિ અને પોતાના સાહસ અથવા બુદ્ધિને કદિ પણ બગડવા દેવા જોઇએ નહિ, બલ્કે તેણે દુ:ખદ અવસ્થામાં સાહસ અને બુદ્ધિથી વધારે કામ લેવું જોઇએ અને પોતાનાં બગડેલાં કાર્યો સુધારવાના પ્રયત્નો કરવા જોઇએ, કદાચ કોઇ એવી આફત આવી પડે કે જેની પૂર્તિ ન થઇ શકે એમ હોય તો એવી અવસ્થામાં માણસે બિલ્કુલ દુ:ખિત ન બનવું જોઇએ અને પોતાનાં મનમાં સંતોષ ધારણ કરીને એ અવસ્થાને અનુકૂળ કોઇ એવાં કાર્યમાં મન જોડવું કે જેથી તે દુ:ખનું વિસ્મરણ થાય. અર્થાત્ એવી અવસ્થામાં કદિ નિરૂદ્યમી ન બેસી રહેવું. કેમકે નિરૂદ્યમી બેસી રહેવાથી દુ:ખમાં વધારો થાય છે અને દુ:ખ સિવાય બીજું કાંઇ પણ સૂઝતું નથી. એટલા માટે દુ:ખને સમયે તો અવશ્ય કોઇને કોઇ કાર્યમાં મન જોડી દેવું અને તે કાર્ય એટલી બધી એકાગ્રતા પૂર્વક કરવું કે તે કાર્ય સિવાય બીજી કોઇ વસ્તુનો ખ્યાલ ન આવે.

આનંદ પણ મનુષ્યની ઉન્નતિ સાધવામાં ઘણીજ સહાયતા કરે છે. કેમકે તે મનુષ્યને સારાં સારાં લાભકારી કાર્યો કરવાને ઉત્તેજીત કરે છે. એક આનંદ મનુષ્યને બીજું એવું આનંદનું કાર્ય કરવાનું પ્રોત્સાહન આપે છે કે જેનાથી તેને પહેલાં કરતાં અધિક આનંદ થાય છે. પરંતુ આનંદમાં આવી જઇને અન્ય જરૂરી કાર્ય ભૂલી જવાં તે ઘણુંજ હાનિકારક છે. તે ઉપરાંત હદ ઉપરાંત આનંદમાં સૌથી મોટો દોષ એ છે કે જે કાર્યને લઇને પહેલાં અત્યંત આનંદ થતો હતો તે બગડી જવાથી તેટલોજ ખેદ થાય છે. સાંસારિક કાર્યોની સિદ્ધિ વા અસિદ્ધિની વાત આપણા હાથમાં નહિ હોવાથી તેને લઇને અધિક આનંદ કે ખેદ કરવો નિરર્થક છે, કેમકે એમ કરવાથી મનુષ્યને આનંદ અને ખેદથી કદિ છુટકારો મળી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાત્પર્ય એ છે કે લોભ ક્રોધાદિ સર્વ આવેગો જ્યાંસુધી મનુષ્યને વશ રહે છે અને તે પોતાની વિવેક બુદ્ધિથી કામ લઇને તેઓને પોતાની ઇચ્છાનુસાર ચલાવે છે ત્યાં સુધી તેઓ તેને મદદગાર થઇ રહે છે, પરંતુ જ્યારે મનુષ્ય બેદરકાર બની જાય છે અને તેની પુરેપુરી દેખરેખ રાખતો નથી ત્યારે તેજ શક્તિઓ તેના ઉપર પોતાનું પ્રભુત્વ જમાવે છે અને તેને પુતળાંની માફક નચાવીને તેની જીંદગી બરબાદ કરે છે. જે મનુષ્ય એમ કહે છે કે " મને અમુક માણસે ગુસ્સે કર્યો " અથવા " શું કરૂં, મને ગુસ્સો આવી ગયો " તેણે સમજવું જોઇએ કે તે પોતાના ગુસ્સાને કાબુમાં રાખી શકતો નથી, બલ્કે તે પોતે ગુસ્સાના કાબુમાં છે. એવીજ રીતે જે મનુષ્ય પોતાની પ્રશંસા સાંભળીને ફુલી જાય છે તેણે સમજવું જોઇએ કે તેને અભિમાને એવો દબાવી દીધો છે કે તે પોતાની વિવેકશક્તિથી કામ લઇ શકતો નથી. એ પ્રમાણે બીજી સર્વ બાબતોમાં સમજી લેવું જોઇએ અને ક્રોધાદિ આવેગો ઉપર પુરેપુરી દેખરેખ રાખવી જોઇએ. કોઇપણ શક્તિ અથવા આવેગને વધારે ઉછળવા અથવા શિથિલ થવા ન દેવો જોઇએ; તે વડે યથોચિત કામ લેતાં રહેવું અને તેઓને પોતાની જરૂરત અનુસાર ચલાવવા જોઇએ. એટલું પણ હમેશાં ધ્યાનમાં રાખવું કે જેમ રસોઇ પકાવવા માટે ચુલામાં અગ્નિ પ્રજવલિત રાખવાની જરૂર છે તેમ સાંસારિક કાર્યો કરવા માટે મનુષ્યનાં હૃદયમાં લોભ, ક્રોધ, માન આદિ કષાયો રૂપી અગ્નિની પણ અત્યંત આવશ્યકતા છે. એવી રીતે જે રસોઇયો ચુલાના અગ્નિને જરૂરત અનુસાર વધતો ઓછો રાખ્યા કરે છે તે સારી રસોઇ બનાવી શકે છે, પરંતુ અસાવધાન રસોઇયો અગ્નિ મંદ કરી નાખે છે જેને લઇને તેની રસોઇ કાચી રહી જાય છે અથવા અગ્નિ એટલો ઉગ્ર બનાવી મૂકે છે કે જેથી તેની રસોઇ તદ્દન બગડી જાય છે. એજ રીતે જે બુદ્ધિમાન મનુષ્ય પોતાનાં હૃદયના આવેગોની અગ્નિને પોતાના કાબુમાં રાખે છે અને પોતાની જરૂરત અનુસાર તેને મંદ વા ઉગ્ર રાખીને સાવધાનતાપૂર્વક કાર્ય કરે છે તે પોતાનાં સર્વ કાર્યો ઉત્તમ રીતિથી પૂર્ણ કરીને સંસારમાં અપૂર્વ કીર્તિ સંપાદન કરે છે, પરંતુ જે મૂર્ખ પુરૂષ અસાવધાન બનીને પોતાના કાષાયોના સામંજસ્યને બગાડી મૂકે છે તે પોતે બગડી જાય છે અને સંસારમાં અપકીર્તિ પ્રાપ્ત કરે છે એટલા માટે પ્રત્યેક મનુષ્યે હમેશાં સંપૂર્ણ સાવધાનતા અને વિવેકપૂર્વક સર્વ કાર્યો કરવા જોઇએ. કેમકે એમ કર્યા વગર આ બહુરંગી દુનિયામાં કોઇ મનુષ્ય આત્મોન્નતિ સાધી શકતો નથી એ શંકા વગરની વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જગત માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના.

( ગતાંક પૃષ્ઠ ૧૮૬ થી શરૂ )

ગયા અંકમાં બતાવેલ બધી બાબતોને કેટલેક અંશે જાહેર ખબર સિદ્ધ કરે છે, પરંતુ બીજા વિચાર એ છે કે શું આવી જાહેર ખબરજ લોકોના વિચારો સંસ્થા તરફ વાળશે નહિ, પરંતુ એજ વિચારવાનું છે કે આવી જાહેર ખબર આપતા પહેલાં કેટલી તૈયારી હોવી જોઇએ કે જેથી આ જાહેર ખબર સત્ય ઠરે અને તેમાં કરેલ પ્રતિજ્ઞાઓ બરાબર પાળી શકાય, અને તેમાં બતાવેલ આશાઓ સફલ થાય ? એજ હવે સંસ્થાના સ્થાપકોએ વિચારવાનું છે.

## વિદ્વદ્ મંડળ યાને કેળવણી ખાતું.

કરવાનું એટલુંજ કે આગળ ઉપર લખ્યા પ્રમાણે સ્થાન, મકાન, ગોઠવણુ થયા પછી અભ્યાસ ક્રમ ગોઠવવા, પરિક્ષા લેવા સારા પગારથી સંસ્થાને અંગે જૈન કે જૈનેત્તર ગૃહસ્થ કે ત્યાગી હરેકની યોગ્યતા અને શક્તિ તપાસી વિદ્વદ્ મંડળ અવશ્ય રાખવું. જો કે આ મંડળ કૉલેજ કે યુનિવરસીટી માટે નથી તો આ સંસ્થા માટે કેમ ? એ સવાલ થશે, પણ તે સવાલ નકામો છે, કેમકે તે સંસ્થા શા માટે વિદ્વદ્ મંડળ રાખે ? કેળવણી ખાતું અલગ છે એ શું છે ? જૈન કેળવણી ખાતાની જોઇતી સગવડ પુરી પડયા પછી આ મંડળની ભલે જરૂરીયાત ઓછી ધારવામાં આવે. પહેલાં તો અવશ્ય જરૂર છેજ. તેઓનું કામ ગ્રંથો અને પાઠય પુસ્તકો રચી પસંદ કરવા કે બહારના પાઠય ક્રમમાં ગોઠવી શકાય તેવા ગ્રંથો પસંદ કરવા, પરીક્ષા લેવી, અને જેમ બને તેમ શિક્ષણ સરળ થાય તેવા સાધનો પસંદ કરવા, તૈયાર કરવા વિગેરે કામ એમનું છે. શિક્ષકોને શિક્ષણ પદ્ધતિઓ બતાવવી અને તે પ્રમાણે બરોબર કામ થાય છે કે નહીં તે તપાસવાનું કામ ખાસ આ મંડળનું છે. આ કામ આ મંડળ સિવાય બીજી કોઇ રીતે સાધ્ય નથી. જો તે મંડળની યોજના ન કરવામાં આવે તો આ બાબતમાં જાણવા જેવા સુધારા વધારા થઇ શકશે નહીં. અને પરિણામે એટલો અસંતોષ રહીજ જવાનો. આ મંડળથી બીજા પણ સાહિત્ય વિષયક અનેક ફાયદા મેળવી શકીશું. તેમાં પણ તેના ભિન્ન ભિન્ન અંગના વેત્તાઓની પસંદગી કરવાની છે. કોઇ શિક્ષણની બારીકીયો જાણનારા, કોઇ સરલતા જાણનારા, કોઇ ભિન્ન ભિન્ન વિષયની સારી આવડતવાળા, કેટલાએક અભ્યાસીઓનું હૃદય અને શક્તિ જાણનારા, કોઇ સરલ રૂપમાં ગોઠવી શકે તેવા, એમ ભિન્ન ભિન્ન વિષયની સારી આવડતવાળા, અને એક લખાણમાં બીજી અનેક બાબતની છાયા લાવી જાણનારા, આવા આવા પસંદ કરીને વિદ્વાનોનું આ એક મંડળ જૈન શાસનના અંગે આવશ્યક છે. આ મંડળમાં વિદ્વાનોને જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષક તરીકે રાકીએ તો ? બે કામ સારી રીતે કરી શકશેજ નહીં, કેમકે બન્ને કામો સ્વતંત્ર છે. યદ્યપિ શિક્ષકો વિદ્વાન્ અને સારા જોઇએ, છતાં તેઓ ઉપરના મંડળને મદદ આપી શકે પણ તે કામ સારી રીતે બજાવી શકે નહીં. આ મંડળ પોતાનું કામ સહેલાઇથી બજાવી શકે તેટલા માટે તેઓને સાધનો પણ પુરતાં પ્રમાણમાં પુરા પાડવા. બીજા બહારના વિદ્વાનો પાસેથી કોઇ જરૂરીયાતનો વિષય મળી શકે તેમ હશે તે પણ આ મંડળજ સારી રીતે મેળવી શકશે. તેને પસંદ કરી શકશે અને પોતાના ઉપયોગમાં કેવી રીતે આવે તેવા રૂપમાં ગોઠવી પણ શકશે. આ વિદ્વાનો પોતાની જીંદગીની જરૂરીયાતોને આબરૂસર પહોંચી વળે માટે તેઓને પુરો સંતોષ આપવો. આ સગવડનો ગેરલાભ લેવાનું પણ તેઓથી બની શકશે નહીં, કારણ કે હમેશના કાર્યોની નોંધ અને એકેક ઉપર ઉપરી અમલદારની ગોઠવણ એ વિગેરે કાયદાઓ અને વ્યવસ્થાના બળથી સાધ્ય છે. છતાં કેટલીક ક્ષુદ્ર બાબતો આવા મોટાં ખાતાંને અંગે ઉપેક્ષ્યજ છે. તેવો પ્રસંગ ન આવે તેવી વ્યવસ્થા સૂક્ષ્મ બુદ્ધિથી કરવામાં આવી હોય તો તે પણ ન બનવા પામે, તેવા દાખલા આપણે બેંકો કે કંપનીઓના જોઇએ છીએ. કદાચ એવા ક્ષુદ્ર કેવખતે નાના મોટા પ્રસંગો બને તેથી ગભરાવાનું નથી. યાચક લોકો માગવા આવે છે માટે રાંધવુંજ નહીં, પશુઓ ચરી જાય માટે ધાન્ય વાવવું નહીં, એવું થાય ? એવું પણ બને અને કામ ચાલ્યા કરે. કામ મોટા પાયા ઉપર અનેક બુદ્ધિમાનોની બુદ્ધિમાંથી ઉપજાવી કાઢેલ નિયત વ્યસ્થારૂપ દોરડાથી કસી લીધેલું હોય તો પછી આવા બનાવો કંઇ પણ અસર કરી શકતા નથી. આવી સંસ્થાનો અપરાધી પોતાને વિરાટ સ્વરૂપની સામે એક ક્ષુદ્ર પ્રાણી પેઠે જોઇને થરથરી જવો જોઇએ ( આ બાબત પ્રાસંગિક લખી છે. )

## અધ્યાપક વર્ગ કે શિક્ષકો.

શિક્ષકો વિયષવાર કે ધોરણવાર જૈન કે જૈનતર ખાસ પસંદ કરવા. તેઓને સ્થાયિ રાખી લેવા. તે મેળવવાની યુક્તિ ત્રણ છે--સ્થાપિ નોકરી, યોગ્યતા પ્રમાણમાં સારો પગાર, ઉપરીયોમાં કામ લેવાની આવડત, અંગત જરૂરીઆતની તેમજ શિક્ષણની સારી સામગ્રી. આટલા તત્વોથી સારા સારા શિક્ષકો મળી શકે તેમાં મને સંશય લાગતો નથી. કામની નિયતતા, કંઇક સ્વાતંત્ર્ય એ વગેરે પણ શિક્ષકોની સ્થિરતામાં મદદ કરશે, શિક્ષકો મળીજ ન શકે એવી શંકાનું પણ આ સમાધાન છે. હાલ સુધરેલાઓ અને સમજુ માણસો શિક્ષકોની જે કીંમત સમજે છે, અને તેના તરફ સંસ્થાની શી ફરજ છે, તે બધું જો આ સંસ્થા સમજતી હશે અને શિક્ષકોના દરજ્જાને ઘટતું માન આપવાનો સુધારો પહેલ વહેલો હિંદમાં દાખલ કરશે તો હું તો જાણું છું કે તે સંસ્થાને સૌથી પહેલા શિક્ષકો મળી શકે. છેવટ જેની જરૂરીઆત તે ગમે તે રસ્તે પુરા પાડવા જોઇએ. માન, સન્માન, આશા છેવટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન કે લાગવગ વિગેરે અનેક સાધનોથી બુદ્ધિમાન પોતાના કાર્ય તરફ દૃષ્ટિ રાખી જોઈએ તે સાધનો મેળવી શકે છે. અને આ જમાનામાં બધું સુલભ લાગે છે. દર વર્ષે હજારો કેળવાયલા તૈયાર થતાં જાય છે તે બધાં નોકરી કરવાજ બંધાયલા છે ને? કદાચ રડ્યાખડ્યા સ્વતંત્ર ધંધો કરે તો આ વર્ગમાંથી આપણને ઉપયોગમાં આવે તેવા થોડા ઘણા ન મળી જાય? (જોકે ગમે તેને રાખી લેવા એ મારો ઉદ્દેશ નથી. તપાસ અને આપણી ઉપયોગીતાનો આપણે પહેલો વિચાર કરવાનો છે. લાગણીવાળા, સારા, સમજુ, ઓછા પગારે કામ કરનાર) ને આવાને તેવાં કરતાં કરતાં તદ્દન રહી જશું એ મને મોટો ભય છે. પછી અરેરે! અરેરે! આપણે પાછળ રહી ગયા, અમુકે અમુક કાર્ય કર્યું, અમુકે અમુક કર્યું. તોઓની આ સંસ્થા ચાલે છે ને અમુકની આવી છે, એવી વાતો કરીને સંતોષ માનવો પડશે.)

**પ્રીન્સીપાલ**—આ વિદ્વદ્ મંડળ, શિક્ષકો, તેમજ અભ્યાસીઓના છેવટના ઉપરી એક પ્રીન્સીપાલ કે જે બુદ્ધિમાન, સાથે પોતાનો કડપ પાડી પ્રેમથી સારી રીતે દરેકને કાબુમાં રાખીને શિક્ષણનું કામ લઇ શકે તેવો જોઇએ. પગારની દરકાર ન રાખતાં જેમ બને તેમ યોગ્ય માણસની પસંદગી ખાસ કરવી જોઈએ. તેમનાં ખાસ કામમાં મદદ કરે તેવા કારકુનોની જરૂર પડે તો તે પણ રાખી આપવા.

**શોર્ટ હેન્ડર**—શિક્ષકો, પ્રૉફેસરોના શિક્ષણના પ્રસંગના ભાષણો, ભાષણ કે વ્યાખ્યાન પ્રસંગે અભ્યાસીઓ કે બીજા વિદ્વાન વક્તાઓના ભાષણ લખી લેનાર એકાદ શોર્ટ હેન્ડર જે પોતાના લખાણો વિદ્વાન મંડળ આગળ રજુ કરે. જે શિક્ષણને લગતા વિષયો હોય તે પરથી શિક્ષણની શૈલી અને વિદ્યાર્થીઓ કેવું સમજી શકે એ બાબત વિદ્વદ્ મંડળને ધ્યાનમાં આવે, યદ્યપિ પાઠ્ય પુસ્તકો બનાવવાનો અભ્યાસીઓનાં અધિકાર પ્રમાણે મગજ કલ્પીને રચે છે.

છતાં તેમાં વધારે સવડ આપવા ખાતર વિદ્યાર્થીઓ સામે શિક્ષકોએ જે અને જે પદ્ધતિથી જેવી સરલતાથી શિક્ષણ આપ્યું હોય તેનો સાક્ષાત્ ખ્યાલ રહેવાથી વધારે સરલતા થાય. સરકારી પાઠ્ય પુસ્તકોમાં આ મુશ્કેલી હજુ દુર થઇ નથી. તેથી કેટલાક પુસ્તકો વિદ્યાર્થી સામે રજુ કરતાં શિક્ષકોને મુશ્કેલી પડે છે. હાલની વાંચનમાળા યદ્યપિ ઘણીજ વિદ્વત્તા અને જોઇએ તેવા રૂપમાં બની છે પણ તેનું શિક્ષણ આપવાના પ્રસંગે શિક્ષકોને અનેક મુશ્કેલીઓ પડ્યાના પોકારો ઉઠી રહ્યા હતાં તે જાણીતા છે. આપણી આ યોજનાથી આ મુશ્કેલી કેટલેક અંશે દુર થાય તેમ જણાય છે, અને ભાષણો વિગેરે લખાયા હોય તેઓ સંસ્થા તરફથી ચાલતાં પેપરમાં આપી શકાય તેમજ આપણી પાસે હજી વિવેચનાત્મક ગ્રંથો તૈયાર નથી, તે પ્રૉફેસરોના ભાષણ સંગ્રહમાંથી બનાવી લેવાની સગવડ પડે, વળી ભાષણકર્તા પોતાનું ભાષણ લખી આપે એ બનતું નથી. પછી તેને અવકાશ રહે કે ન રહે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જો આપણી પાસે આવી કળાના માણસની સગવડ હોય તો સાથે સાથે એકના એકજ ટાઈમે બંને કાર્યો સિદ્ધ થઇ શકે.

## શિક્ષણ ખાતાને લગતા પરચુરણ કામદારો.

મુનિ મહારાજાઓને જરૂરની ચીજો સંસ્થા તરફથી કે બહારથી કલ્પ પ્રમાણે પુરી પાડનાર કારકુન, ક્રિયા અને આચારનું શિક્ષણ અને પ્રેકટીસ આપનાર એક વ્યક્તિ અને તેની નોંધ આપનાર કારકુન, સિવાય વ્યાયામ, બહાર જતી વખતે સહાયક કારકુન, આ ત્રણે કામ માટે એક માણસ ઘણે ભાગે બસ થશે.

## પ્રેસ.

એક પ્રેસ અને તેને લગતા માણસો આ સંસ્થાનું કામ કરશે અને તે ઉપરાંત બહારનું કામ કરી પોતાનું ખર્ચ પોતે ઉપાડી શકશે. માત્ર શરૂ કરતી વખતેજ તેમાંનો સામાન સારો, નવો અને ઉંચી પ્રતીનો રાખવાથીજ તેમજ જૈન ભાવનાઓવાળા સ્વતંત્ર કટોવાળો હોવાથી, સંસ્થાને ઉપયોગમાં આવે તેવા પુરા સાધનોથી ચાલતો હોવાથી, સંસ્થાને પુરેપુરો ઉપયોગમાં આવશે. સાથે સાથે આવી સુધરેલી ઢબનો જૈનકોમ તરફથી પહેલ વહેલો નીકળેલો પ્રેસ બીજા જૈન ખાતાઓને પણ એક મોટી સગવડરૂપ બનશે. પાઠ્ય પુસ્તકો, વિદ્વાનોએ લખેલા વિવેચનાત્મક પુસ્તકો, સારા પ્રાચીન પુસ્તકો, સંસ્થાના રીપોર્ટ, સંસ્થા તરફથી ચાલતું પત્ર, સંસ્થાની જાહેર ખબર, વિગેરે કામ માટે આ પ્રેસ ઘણોજ ઉપયોગમાં આવશે. ખાત્રી છે કે બહારનું કામ કરીને પ્રેસ પોતાનું ખર્ચ પુરૂં પાડી શકશે. ( આ બાબતનો એક સ્વતંત્ર લેખ થઇ શકે. )

## લાઇબ્રેરી.

એક લાઈબ્રેરી ખાસ જોઇએ. જેમાં આજ સુધી છપાયેલા જૈન પુસ્તકો, તેમજ જૈનેતર જગતના સાહિત્યમાંના સારા સારા ગ્રંથો અવશ્ય હોવાં જોઇએ. એક ઉપરી અમલદાર એવો હોવો જોઇએ કે જે વિદ્વાનને અનેક ભાષાઓનું જ્ઞાન હોવું જોઇએ, તેમજ લાઇબ્રેરીમાંના પુસ્તકોમાંના વિષયો, ભાષા, રચનાર, મળવાનું ઠેકાણું વિગેરે બાબતનું પણ સામાન્ય જ્ઞાન હોવુંજ જોઇએ. પુસ્તક લેવા આવનારને પુસ્તકનો સામાન્ય પરીચય પણ આપી શકે. નવાં નવાં ઉત્તમોત્તમ સાહીત્યમાંના પુસ્તકો મંગાવ્યે જાય અને લાયબ્રેરી આકર્ષક બનાવ્યે જાય, એવા એક સારા લાઇબ્રેરીયનની જરૂર છે. જરૂર જણાય તો તેને એક કારકુન વ્યવસ્થા માટે પણ આપવો. બેસવા માટે આસનો, ફોટાઓ, માસિકોની ફાઈલોની સુધરેલી અને વ્યવસ્થાવાળી ગોઠવણ કરવી. ઐતિહાસિક શોધ ખોળના બીજા પણ ઉપયોગી વિષયોના ગ્રંથોનો મોટો સંગ્રહ આ લાયબ્રેરીમાં રહેવો જોઇએ. કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાઠ્યક્રમ ગોઠવનાર વિદ્વાન મંડળને ઉપયોગમાં આવે તેવા ગ્રંથોનો પણ સંગ્રહ હોવો જોઇએ. ( આ સંબંધે એક સ્વતંત્ર લેખ લખી શકાય. )

## કાર્યાલય ( ઑફીસ )

આ બધું શિક્ષણને અંગે લખ્યું, પરતું શિક્ષણ ખાતાને જોઇએ તે સાધનો આપે તેવી ગોઠવણ જોઇએ. સામગ્રી પુરી પાડવામાં પૈસાનો ખર્ચ અવશ્ય થવાનો છે તેનો હિસાબ રાખવો જોઇએ. હીસાબ તદ્દન ચોખ્ખો અને બનતા સુધી હમેશનો હમેશ હિસાબ થઇ જવો જોઇએ, જો તેમ ન કરવામાં આવે તો સમાજનો અવિશ્વાસ, પૈસા મળતા અટકે અને સંસ્થા કંપી ઉઠે, આ ખાતુ શિક્ષણ ખાતા કરતા તદ્દન અલગ હોવું જોઇએ, હાલમાં તો કેટલેક ઠેકાણે એવું ચાલે છે કે:--મોટા મુનિમ તમે, થોડુ ધાર્મિક ભણ્યા છો માટે શિક્ષક પણ તમે, સેક્રેટરી પણ તમે, વ્યવસ્થાપક પણ તમે, ફંડ મેળવવાની મહેનત કરનારા પણ તમે, તેની વ્યવસ્થા કરનારા પણ તમે, કોઇ આવે જાય તેની સંભાળ પણ તમારે રાખવી, છેવટે આમાનું એકેય નહી. જુઓ, આ આપણી સંસ્થાઓની વ્યવસ્થાનો નમુનો, આવી રીતે ચાલતી સંસ્થાઓ શો લાભ આપી શકશે ?

આ ઑફીસનું કામ કેમ ચલાવવું એ માહિતી ઘણે ભાગે ઘણાખરાઓને હોય છે, માહિત હોય છતાં માત્ર કેટલીક રૂપરેખા બતાવું છું.

૧ મેનેજર—હિસાબી કામમાં પુરો કાબેલ.

૨ કેશીયર—પ્રમાણિક અને ચાલાક.

૩ સિવાય—ટપાલ લખનાર, સંસ્થાનું ખરીદી ખાતુ રાખનાર, વિગેરે અનેક ઉપયોગી કારકુનો. દરેક જાતના પત્રકોની પુરવણી તપસીલવાર હમેશ થવી જોઇએ. ( તપસીલ ગોઠવવા બુદ્ધિમાન અને વહીવટની ઝીણવટ જાણનાર માણસનું કામ છે. તેવાજ માણસ પાસે તપસીલો ગોઠવાવી જોઇએ. ) હમેશનો મેળ હમેશ, લવાજમો ટાઇમસર ઉઘરાવવા, ચાલુ હકીકતને તેનો રીપોર્ટ, કે અડચણો વિગેરે તાજી તાજી ઉપરીઓને નિવેદન કરવી. તેના ખુલાસા તુરત મેળવવા. એક વિદ્વાન કાગળ લખનાર કે જે પોતાની કાગળ લખવાની છટાથી જેના ઉપર કાગળ ગયો હોય તેને સચોટ અસર કરે અને ધાર્યું કામ તુરત પાર પડે. એક બીજા ઉપર એક બીજા ઉપરીની સહીઓ અને સિક્કાના ધોરણથી, તેમજ બીજી અનેક જાતની ગોઠવણથી હિસાબી કામ ઘણુંજ સાફ રહે અને નિર્ભય રીતે નોકર હથ્થુ મુકી શકાય તેવી ગોઠવણથી ગોઠવવુંજ જોઇએ. કોઇ પણ જાતની ગડબડ થવા પામે નહિં તેને માટે જોખમદારી કામદારોપર પુરતી મુકવી અને જોખમદારી પૈસા ( પુરતો પગાર ) ખાતર ઉઠાવી શકે છતાં એ જોખમદારી વચ્ચે કામ ખેડતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુશ્કેલી ન પડે તેવા સાધનો આપવાની તેઓ વિના આનાકાનીએ બધું સ્વીકારી શકે. પરંતુ સામાન્ય કામ માટે પણ નિરક્ષર કે ઓછી બુદ્ધિનો માણસ તો રાખવોજ નહી. તેથી જો કે પગારનું ખર્ચ ઓછું પણ વખતે એવું નુકશાન તેના અજ્ઞાનપણાને લીધે થઇ જાય કે જે અસહ્ય થઇ પડે. આપણામાં આ રૂઢી છે. તે તદ્દન નાબુદ કરવી જોઇએ. માણસો તો એવા રાખવા જોઈએ કે પગાર ગમે તેટલો લે પણ કામ રીતસર બરોબર આપે અને તેની પાસેથી બરોબર કામ લઇ શકે તેવા ઉપરીયો હોવા જોઇએ. બેંકો, કંપનીયો, રેલ્વે ખાતાઓ વિગેરેમાં જે રૂઢીથી હિસાબી કામ ચાલે છે તે રૂઢી અવશ્ય અહીં અખત્યાર કરવી જોઇએ. ( સામાન્ય રૂપરેખા આપી છે. નાની મોટી બાબતો લખતાં એક લેખ થઇ શકે. ) દરેક બાબતના આંકડા પૃથક્ પૃથક્ કાઢવા હોય તો નીકળી શકે અને રિપૉર્ટ ઘડવામાં ગમે તે રીતે એકજ બાબતને અનેક રૂપાન્તરોમાં બતાવી શકાય અને વહીવટની શુદ્ધિની પુરી કસોટી થાય. દરેક બાબતના કાયદાઓ વિદ્વાન અને નવીન પદ્ધતિના હિસાબી કામના કાબેલ જૈન ગૃહસ્થોની કમીટીએ વહીવટની ઝીણવટ જાણનાર જૈન કોમના સમજુ માણસોને બતાવીને, તેમજ સલાહ લેવા લાયક જૈનેતર વ્યક્તિને બતાવીને નિયત કરવા જોઇએ.

આ ઑફીસ ઉપર કમીટીની દેખરેખ હોવી જોઈએ, જેના હોદ્દેદારોની નિમણુંક અને તેના કાયદાઓ ઘડાવા જોઇએ. પણ ખાસ ધ્યાન એ રાખવાનું છે કે આવું વિસ્તૃત કામ કરવા માટે તેવા પ્રકારની કમીટીની ખાસ જરૂરત છેજ. તેની જરૂરીયાતનો કોઈ પણ રીતે અસ્વીકાર થઇ શકે તેમ નથી, પણ આજ સુધી જૈન કોમમાં જે જાતની કમીટીઓ થઇ છે અને દરેક કમીટીઓમાં એના એ માણસો નીમાયા કરે છે, તે બધું નકામા જેવુંજ છે. નામના હોદ્દેદારો ને નામની કમીટી બને છે. તેને બદલે મોટા ગૃહસ્થ હોય કે ન હોય પણ પ્રામાણીક, સમજુ અને લાગણીવાળા તેમજ વખતસર ટાઇમનો થોડો ઘણો ભોગ આપી શકે, તેમજ સંસ્થાના મોટા લાભ ખાતર પોતાના ક્ષુદ્રમાં ક્ષુદ્ર સ્વાર્થનો તો પ્રસંગ પડયે અવશ્ય ભોગ આપી શકનાર તો હોવાજ જોઇએ. રોજેરોજ કામ થતું હોય તેમાં હાજી હા કરી માન ખાટી જનાર માણસ એક પણ નજ હોવો જોઇએ. પણ સવાલ એ રહે છે કે આવા માણસો મળી શકે ? હા, મળી શકેજ, માત્ર તેની તપાસ કરવી જોઇએ. ભલે થોડી સંખ્યામાં હોય તેની અડચણ નહીં. શ્વેતાંબર સંઘની વસ્તીમાંથી ઓછામાં ઓછા આઠ દશ મળી શકે એટલે બસ. ઑફીસ કામના જે ધોરણો બતાવ્યા હોય તે પ્રમાણેજ મેનેજર કામ કર્યે જાય, તેમાં કમીટીના હોદ્દેદારોની ઘાલમેલ ન હોવી જોઇએ. માત્ર નિયમો પ્રમાણે કામ થાય છે કે નહિ એ અને વાર્ષિક રીપૉર્ટ તપાસવો. બજેટ પાસ કરવું વિગેરે કામ માત્ર આ કમી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટીનું રહેશે. શિક્ષણના સાધનો પ્રીન્સીપાલની મંજુરી પ્રમાણે મેળવવાના ઑફીસેથી, પૈસા ભરવાના તે પણ મેનેજરનાજ હાથમાં, બજેટ કરતાં વધારે રકમ હોય ત્યારે કમીટીએ વિચાર કરવાને માટે કમીટીની જરૂર છે, કેમકે મેનેજર કે ઑફિસના માણસની તપાસણી ખાતર આ કમીટીની જરૂર. શિક્ષણ સબંધી હકીકત અને કેટલું કામ થયું તે સબંધી હકીકતનો રીપૉર્ટ પ્રીન્સીપાલ તરફથીજ બહાર આવવો જોઇએ. તેના જવાબદાર પણ તેજ રહેવા જોઇએ, અને નાણાની આવકનો હિસાબ કમીટીદ્વારા બહાર પડવો જોઇએ. આ બન્ને રીપૉર્ટ આકારમાં મુકીને બરોબર ઘડનારને બહાર મુકનાર રીપૉર્ટર અમલદારની આપણે જરૂર આગળ ઉપર જણાવી ગયા તે હવે બરોબર સમજાશે. આ કામ એક સ્વતંત્ર વ્યક્તિ દ્વારા થાય તોજ સંપૂર્ણ કરાવી શકીએ. બાકી કમીટી કે પ્રીન્સીપાલ આમ પુરા કરી શકે નહીજ. સંસ્થાની આકર્ષક જાહેર ખબરો, સૂચનાઓ, નિવેદનપત્રો, કે વિજ્ઞપ્તિઓ પણ આ અમલદાર દ્વારાજ નીકળવી જોઇએ કે જે પ્રવૃત્તિના મુખમાં અવશ્ય ફળ હોય.

બીજો એક અમલદાર એવો હોવો જોઇએ કે—જે જગતમાં સંસ્થાની પ્રસિદ્ધિ કર્યેજ જાય, અને દર વર્ષે હજારો નવા માણસોને સંસ્થાથી વાકેફ કરે, સંસ્થાના કાર્યોની શુદ્ધતા, વિશાળતા અને કેટલું ફળ આવ્યું વિગેરે પબ્લીકમાં જે રીપૉર્ટરે બતાવ્યું હોય તેનો ફેલાવો કરવો, અવનવી યોજનાથી ફેલાવો જેમ બને તેમ મોટા પ્રમાણમાં કરવો. અને સંસ્થા તરફના હજારો પ્રશંસાપત્રો મેળવવા. અમુક અમુક વ્યક્તિઓ તરફથી જે ફરીયાદો આવી હોય તેના શું કારણો છે તેની તપાસ કરાવવી. કોની ખામીથી આ પરિણામ આવ્યું છે તે શોધાવવું અને દૂર કરવા, તે ખાતાના અમલદારને સૂચવી ગોઠવણ કરાવવી. અને પબ્લીકને સંસ્થાની નિખાલસતા જાહેર કરવી. આ રીતે જાહેર પ્રજાને વશ કરવા આ અમલદાર રીપૉર્ટર પાસેથી સારામાં સારો રીપૉર્ટ માગશે, રીપૉર્ટર પ્રીન્સીપાલ અને કમીટી પાસે કામ માગશે, એટલે પ્રીન્સીપાલ તેમજ કમીટીની ભૂલો કે બિન કાળજી આપોઆપ આડકતરી રીતે ઉડી જશે, અથવા હશે તો પકડાઇ આવશે. આ બધા ખર્ચો કદાચ નકામા જેવા લાગશે, પણ આ અમલદારથી ફળ એ આવશે કે સંસ્થા તરફ લોકમત કેળવવા અને જેમ તેના પ્રત્યે વધારે દિલસોજી ધરાવનારા તેમ સંસ્થાનો પાયો મજબુત સમજવો. સમાજ બળ એક જુદુંજ કામ કરે છે. તેમ છતાં લોકમત ઉપર આધાર ન રાખતા પોતાના પગભર સંસ્થા ન ચાલી શકે ? ચાલે, પણ એક વખત એવો આવે કે તેને જમીનદોસ્ત થવું પડે. પછી પુનરૂદ્ધારની આશા ઓછી રાખવી. કદાચ જરૂરીઆતને લીધે પુનરૂદ્ધાર થાય પણ એકવાર અવિશ્વાસ થાય અને બધી નવી ઘટના ઘડવી પડે. આવી રીતે સમાજ બળનો સદ્ પાછળ લગાવવાથી સંસ્થા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપી વહાણુનો મોટો બચાવ થઇ શકશે. પૈસા મેળવતી વખતે કોઇ પણ સંસ્થાના કામ પ્રસંગે કોઇ વિઘ્ન નહીં કરી શકે. અને વિઘ્નના પ્રસંગમાં સંસ્થાના મિત્રો મદદ કરશે. મુત્સદ્દીપણું અને દુનિયાના પ્રસંગોની આંટીઘુંટી જાણનાર માણસો આ અમલદારનો અવશ્ય સ્વીકાર કરશેજ તેમજ સમાજને આ એકજ સંસ્થાનું ખેંચાણ નહી રહેવાનું. બીજા પણ ઘણા કામો તરફ ધ્યાન આપવાનું હોય છે, તેમ છતાં આ સંસ્થા તરફ મન ખેંચવા માટે આ અમલદાર પ્રયત્ન કરશે અને તે ખાતર સંસ્થામાં અવનવું ચૈતન્ય આણવું પડશે. બીજી સંસ્થાઓ સ્પર્ધા કરશે. તે તો ઇષ્ટજ છે. વળી આ અમલદાર કેળવાયેલો હોવાથી ઇર્ષ્યા અને સ્પર્ધાનો ભેદ સમજતા રહેવો જોઇએ. સ્પર્ધાની તો જરૂરજ છે, ઇર્ષ્યાની નહીજ, આ કામ સિવાય નવા સ્થાનિક કે બહારના સ્વયંસેવકો, નવા મેંબરો, વિગેરે વધારવાનું કામ આ અમલદારદ્વારાજ રહેશે. તેને સામગ્રી કમીટીદ્વારા, પછી ઑફીસદ્વારાજ પુરી પાડવી પડશે. પ્રેસની આ કામો માટે પણ જરૂર જણાશે. તે સિવાય ગૃહસ્થ વિદ્યાર્થીઓ સંસ્થાએ ઠરાવેલ સંખ્યામાં મળી શકે અને તેઓ અહીં આવવા લલચાય તે બધું પણ આ અમલદારેજ કરવાનું છે. સિવાય જેઓના તરફની ફરીયાદો કે પ્રશંસાપત્રો આવ્યા હોય તેની ફાયલો તેના સારની જરૂરીને ઉપયોગમાં આવે એવી ચુંટણી કરવી વિગેરે કામો આ અમલદારને કરવાના છે. શું આ ખાતું સંસ્થાનું એક અંગ નહી કહેવાય ? તેની ત્રુટીનું ફળ સંસ્થાએ ભોગવવાંનું નહીંજ કે ? જો એમ કોઇ રીતે સાબીત કરી શકો તો ભલે આ ખાતાની જરૂર નથી. જ્યારે આ કામની જરૂર છે તે કામ તે બરાબર કરવા અવશ્ય તેના વિભાગની પણ જરૂર છે. પણ અંતર્ગત કરો કે અલગ રાખો અથવા બીજાના કામ સાથે કરવાનું સોંપી ખર્ચનો બચાવ કરો તો બન્ને કામો નબળા રહેવાના. આટો ખાવો ને ભસવું એના જેવું રહેવાનું.

## જનરલ બૉર્ડ.

આ પ્રમાણે આખી સંસ્થાનું કામ નિયમબંધ ચાલે છતાં આ સંસ્થા કોની છે, તેનો જોખમદાર કોણ છે ? દાખલો રાખવા કે મોટા જોખમ પ્રસંગે ખાસ પોતાની જાણીને બચાવી લેવા ખાતર એક વર્ગ નીમવો જોઇએ જેનું નામ–' જનરલ બૉર્ડ ' રાખવું. આ જનરલ બૉર્ડમાં– જૈન ધનાઢયો, સરકારી જૈન અમલદારો કેટલીક કેટલીક પ્રસિદ્ધ જૈન વ્યક્તિઓ, કેટલીક સમાજના કામમાં અગ્રેસર ગણાતી વ્યક્તિઓ, કેટલાક વિદ્વાન ને પ્રસિદ્ધ મુનિ માહારાજાઓ, જૈન વિદ્વાનો તેઓને અધિકાર અને દેશનાં પ્રાંતના ને શહેરના વિભાગસર નીમવા, ( કયા કયા દેશના ? ગુજરાત, કાઠીયાવાડ, કચ્છ, વાગડ, મારવાડ, મેવાડ, માળવા, મોટી મારવાડ, પંજાબ, સંયુક્ત પ્રાંત, બંગાલ, મહારાષ્ટ્ર, મદ્રાસ, મૈસુર, પેરીસ, ઇંગ્લાંડ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંગુન, સીંગાપુર, આફ્રીકા, સિંધ, વિગેરે દેશમાં વસ્તી પ્રમાણે જનરલ બૉર્ડના મેંબરો નીમવા, જે પ્રાંતમાં વધારે વસ્તી હોય ત્યાંના કેટલાક મુખ્ય મુખ્ય શહેરવાર પત્ર લખી તેઓની સંમતિ મંગાવી ફાઇલ રાખવી. રૂબરૂ મેળવવાની જરૂર નથી ) મુનિ મહારાજાઓ ગચ્છવાર કે સંઘાડા પ્રમાણે નિમવા. આ બૉર્ડના મેંબરોને બીજું કંઈ કામ કરવાનું નહીં. માત્ર પ્રસંગે સ્ફૂરે તે સવાલ કેળવણી કે બીજું પરચુરણ સ્થાનિક કામ જે યોગ્ય હોય તે સ્થાનિક વોલંટીયરદ્વારા કે પોતે કરવાનું છે. આથી કમીટી પણ પરતંત્ર બનશે. અને તેને તેના ઉપરીઓને પ્રસંગે જવાબ દેવાનું રહેશે.

આ બોર્ડમાંના મેંબરો પાસેથી લવાજમની રકમ ઠરાવવામાં આવે તો પણ ફંડમાં અનુકુળતા થશે. નાની નાની રકમો પણ સરવાળે સારી રકમ આપી શકશે. અને આપનારને બોજો નહીં લાગે. ( યોગ્ય લાગે તો આ લવાજમ રાખવું. તેમ કરતાં જનરલ બૉર્ડમાં માણસો ન મળે તેવું લાગે તો નહીં. ) ( ચાલુ. )

લેખક—પંડિત પ્રભુદાસ બેહેચરદાસ-પાટણ.

# સર્વ જીવોની ઉન્નતિ સંબંધી બે મિત્રોનો સંવાદ.

રતિલાલ—મિત્ર સુમતિ ! ચરાચર પ્રાણી વર્ગનો મોટો ભાગ વિવિધ દુઃખથી પીડાતો જણાય છે તેનાથી મુક્ત થઇ તેની ઉન્નતિ થાય એવો સરલ ઉપાય જાણવાની મારી ઇચ્છા છે.

સુમતિ—દુઃખી વર્ગ પ્રત્યે ખરી દીલસોજી ભર્યા વર્તનથી તેનાં ઘણા દુઃખ શમી શાન્ત થઇ શકે અથવા તો તે કમી અવશ્ય થઈ શકે. ખરી દીલસોજી દાખવનારાને તો ચોક્કસ અગણિત લાભ થાય છે.

રતિ૦—કેવા આચરણ સેવવાથી ખરી દીલસોજી દાખવી કહેવાય ? કે જેથી દુઃખી વર્ગનાં દુઃખ ઉપશમે કે દૂર થવા પામે.

સુમતિ—હિતકારી પુણ્ય માર્ગમાં પ્રોત્સાહક વિચાર, મધુર સાત્ત્વિક વચન ( ઉપદેશ ), જાતે કષ્ટ સહન કરીને અથવા સ્વાર્થ તજીને પરોપકાર કરવા પ્રવૃત્તિ સેવવાથી આપણે દુઃખી વર્ગ પ્રત્યે ખરી દીલસોજી બતાવી તેમના દુઃખો ઉપશમાવી અથવા કમી કરી શકીએ.

રતિ૦—જીવને અનેક પ્રકારના દુઃખ શાથી સહવા પડે છે ?

સુમતિ—છતી શક્તિએ અથવા છતી સામગ્રીએ સ્વપર હિત સાધક પ્રવૃત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં કરવાથી, તેની ઉપેક્ષા કરી, અહિત માર્ગનું ( પાપનું ) સેવન કરવાથી, હિત માર્ગ સેવન કરનારને અંતરાય ( વિઘ્ન ) કરવાથી અને અહિત માર્ગને ઉત્તેજન આપવાથી, હિતસ્વી જનોની અથવા કોમના પુન્ય કાર્યની નિંદા–અવગણના–હાંસી મશ્કરી કરવાથી તથા પાપી જનોની કે તેમના પાપ કાર્યોની ખોટી પ્રશંસા કરવાથી જીવને પોતાના પરિણામ પ્રમાણે માઠાં–અશુભ કર્મ બંધાય છે જેથી તેને વિવિધ દુઃખ સહવાં પડે છે અને તેનો આરો જલદી આવતો નથી.

રતિ૦—વિવિધ દુઃખ ( તાપ ) સહન કરવાથી સુવર્ણની પેરે જીવ–આત્માની શુદ્ધિ થાય ખરી કે નહીં ?

સુમતિ—પ્રથમ કરેલાં પાપાચરણ વડે સંચેલા કર્મના ઉદય વખતે પ્રાપ્ત થતાં વિવિધ દુઃખોને સમભાવે ( હાયવોય કર્યા વગર–અદીનપણે ) સહન કરી લેવાય તો તેથી અવશ્ય આત્માની શુદ્ધિ થઇ શકે. અન્યથા ( હાયવોય કરી ખેદ દીનતાદિક દાખવવાથી ) તો તે ઉદય આવેલાં કર્મના ફળ ભોગવતી વખતે ફરી પાછાં એવાંજ માઠાં–અશુભ નવાં કર્મ બંધાય છે.

રતિ૦—શું કરવાથી શુભ પુન્યબંધ થાય અને શું કરવાથી અશુભ પાપ બંધ થયાં કરે છે ?

સુમતિ—કરૂણાર્દ્ર હૃદયથી અન્ય જીવોનું હિત કરવા તન મન વચન કે ધનનો સદુપયોગ ( પરોપકાર ) કરવાથી પુન્યબંધ થાય છે અને ઉક્ત હિત માર્ગની ઉપેક્ષા કરી કઠોરતાથી અહિત માર્ગમાંજ તેનો દુરૂપયોગ ( ગેરઉપયોગ ) કરવાથી પાપબંધ થાય છે.

રતિ૦—અહીંયા પ્રગટ સુખ દુઃખ વેદતાં જણાય છે તેજ પૂર્વ સંચેલા શુભ અશુભ ( પુન્ય પાપ ) નું ફળ પુરતું છે કે એ ઉપરાંત ભવિષ્યમાં પણ અનેરાં સુખ દુઃખ જીવને વેદવાનો પ્રસંગ બીજે કયાંય મળે છે ?

સુમતિ—અહીંયા જે જે સુખ અનુભવાતા જણાય છે તેથી અસંખ્યગણા સુખ સ્વર્ગવાસી દેવતાઓના ભવમાં હોય છે તેથી પણ અનંતગણા સુખ મોક્ષમાં વર્ણવેલાં છે વળી દુઃખ પણ અહીં કરતાં નરક નિગોદમાં અનંતગણું જાણી ચેતવું જોઇએ. ઇતિશમ્

લે૦ મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાર્વજનીક જાહેર સંસ્થાઓની નિષ્ફળ થતી ચળવળો અને તેના કારણો.

( લેખક:—નરોત્તમદાસ બી. શાહ. )

જગતમાં મનુષ્યોના જાતિ સુખ સારૂ ઘણી જાતના સાધનો કુદરતે ઉત્પન્ન કર્યા છે, પરંતુ આપણી કાર્ય કરવાની ખામી અથવા કુદરતી નિયમોનો ભંગ કરવાથી જ્યારે આપણી આસપાસ ઘણા મનુષ્યોને અનેક પ્રકારના દુ:ખો ભોગવતા જોઈએ છીએ ત્યારે વિચારશક્તિ અથવા અનુભવથી યાતો કુદરતે જે બુદ્ધીબળ આપણને અર્પણ કરેલ છે તેનો ઉપયોગ કરી જોઇએ તો તરતજ માલુમ પડશે કે જગતની અંદર કોઈ પણ મનુષ્યનું ભલું કરવા સારૂં મનુષ્ય જીવનને માટે વિશાળ અને મોટું ક્ષેત્ર સેવાધર્મ બજાવવાને સારૂ નજર આગળ પડેલું છે. પારકાના સુખ દુ:ખનું પોતાને ભાન થવું અને તે પ્રત્યે સરખી દૃષ્ટિ રાખવી એ સમાજસેવક માટે આવશ્યક તત્વ છે. અજ્ઞાનતાથી, નિર્ધનતાથી, અને બીમારીના દુ:ખોથી પીડાતા આપણી નજર આગળ અનેક વ્યક્તીઓને જોઇએ છીએ. પરંતુ તેમના દુ:ખનું નિવારણ કરવા આપણાથી કાંઈ પણ બનશે નહી એમ ધારી આપણે પાછા હઠીએ છીએ. કોઇ કોઈ વ્યક્તિ કદાચ પ્રયત્નશીલ થઇ આવા સામાજીક સેવાના કાર્યમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતી હોય તો પણ એકાદ વ્યક્તિની તે કોશીસો ઘણે ભાગે લાંબે વખતે નિરાશ બનાવી મૂકે છે. તેથીજ જુદી જુદી દિશાઓમાં સામાજીક બળથી અનેક સંસ્થાઓ સેવા કરવાને પ્રયાસ કરી રહેલી જોઇએ છીએ. મુક્તિફોજ જેવા પરદેશી ખાતાંઓ તેમજ સર્વન્ટસ ઓફ ઇન્ડીઆ સોસાઇટી જેવાઓની અનેક શાખાઓ મારફત જુદી જુદી વ્યક્તિઓ પોતાની શક્તિ મુજબ સેવાબુદ્ધી અને પરોપકાર વૃત્તિથી સમાજહિતના કાર્યો કર્યે જાય છે. છતાં પણ સામાજીક સંસ્થાઓમાં કેટલીક નામની ખાતર ચલાવવામાં આવતી જોવામાં આવે છે અને કેટલેક ઠેકાણે તો સખાવત કરી સંસ્થાઓના ટ્રસ્ટીઓ તરીકે યાતો વહીવટ કરનારાઓ પોતાને ગણાવી જાણે કે જાહેર પ્રજાને તેનો વહીવટ જણાવવાની જરૂરીઆત પણ ન હોય તેવી રીતે તેની વ્યવસ્થાની માહિતી પણ ભાગ્યેજ જાહેરમાં રજુ કરવામાં આવતી હોય છે, વળી કેટલીક સંસ્થાઓના સંબંધમાં એમ પણ બને છે કે સંસ્થા હૈયાતી ભોગવે છે એટલુંજ જાણીને સંતોષ પકડવો પડે છે. આ સર્વનું કારણ લેખકને પોતાની સામાન્ય બુદ્ધી મુજબ એમજ માલુમ પડે છે કે સંસ્થાઓને અંગે સમાજસેવક તરીકેની પૂરતી ફરજ સમજવાની અશક્તિ ધરાવનારા તેના અંગભૂત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યવાહકો હોવાને લીધેજ છે. જે સંસ્થાઓના કાર્યવાહકો શબ્દોથીજ ફક્ત ઉચ્ચ વિચારોની મહાભારત ભાવનાઓ યોજતા હોય, પરંતુ મજકુર ભાવનાઓને સિદ્ધાંત તરીકે અમલમાં મુકવાની સ્થીતિ અથવા તો જોખમદારી આવી પડતા વર્તન તદન જુદી રીતે કરવામાં આવતું હોય તેવી સંસ્થાઓના આવા ચરિત્રહીન અને જરૂર પડતાં દહીં અને દુધમાં પગ રાખનાર વ્યક્તિઓથી સંસ્થાની ઉન્નતિ થવી બહુજ મુસ્કેલ લાગે છે. જે ઠેકાણે પોતાની મહત્વાકાંક્ષા વધારવાની ખાતર સમાજના આગેવાન તરીકેની ઉચ્ચ પદવી મેળવવા અનેક કોશીશો કર્યા બાદ તે અધિકાર પ્રાપ્ત કર્યા પછી તે હોદ્દો યા તો પદવી હાથમાંથી જતી રહેશે એવી ધાસ્તીથી સદાશિથિલ પણું બતાવી દીર્ઘ દ્રષ્ટીવાન હોવાનો ડોળ બતાવનારા અને ખોટી રીતે માન ખાટનારા કાર્ય વાહકો હોયતે સંસ્થા કેમ ઉન્નત થઇ શકે ? જે જે ઠેકાણે સામાજીક જીવનનો દેખાવ કરી અંગત જીવનનો લાભ સાચવનારા તેમજ દ્વેષી, કપટી અને ખટપટીઆ માણસો જે કોઇ સંસ્થાના કાર્ય વાહકો તરીકે હોય તે સંસ્થા અથવા સમાજ કદી ઉન્નતિએ પહોંચી શકેજ નહિ. જ્યાસુધી સામાજીક સેવાને અંગે સ્વમાનની ભાવના પૂરેપુરી વિશાળ સમજનારા તેમજ આત્મત્વ સ્થાપન કરવાને માટે જોઈતા સંયમ અને સ્વાર્થત્યાગની વૃતિ ધારણ કરનારા સમાજ સેવકો મળી ન આવે ત્યાં સુધી સમાજ કેવી રીતે ઉન્નતિએ આવી શકે ? સમાજ સેવાનો ઇજારો કોઇએ રાખ્યો નથી તેથી કોઇપણ મનુષ્ય કોઇપણ સંસ્થામાં ખુશીથી જોડાઇ શકે છે. તેથી જે ઠેકાણે સંસ્થાનું હીત સચવાતું હોય નહિ એવી સંસ્થાઓ કફોડી સ્થિતિમાં આવી પડે છે અને જોઇતી સંભાળ રાખવામાં આવે નહિતો છેવટે આવી સંસ્થાઓ અકાળે રામશરણ થઇ જાય છે, ઉપરના કારણો ધ્યાનમાં લેતાં સંસ્થાઓની તેમજ સમાજ ઉન્નતિની દાઝ હૈડે ધરાવનાર ચારિત્રવાન અને પ્રમાણિક બુદ્ધીથી કાર્ય કરનારા સત્ય પ્રેમી કોઇની શરમમાં નહિ દબાય તેવા સમાજ સેવકોના હાથમાં સંસ્થાઓની વ્યવસ્થા રહે તે સૌથી વધારે પસંદ કરવા લાયક છે. પરંતુ બીજી રીતે સામાજીક સેવાની ફરજ બજાવનાર વ્યક્તિ પોતાની સમાજ સેવક તરીકેની ફરજ સંસ્થા અથવા તો સમાજના હીતને લક્ષમાં રાખી બજાવતો હોય છતા તેની ગણતરી રાજર્ષિ ભર્તૃહરીના નીચે દર્શાવેલ કથન મુજબ થતી હોય તેમજ જે ઠેકાણે પ્રેમનો નાશ થતો હોય એટલુંજ નહિ પરંતુ વિશ્વાસ પણ શકમંદ થતો દેખાતો હોય તેવે ઠેકાણે બુદ્ધીવાન અને ડાહ્યા માણસે ગમે તેવી સેવા બુદ્ધી ધરાવતો હોય તોપણ સેવાના કાર્યથી સદા માટે દુર રહેવું એજ ઉત્તમ અને સરલ માર્ગ છે એમ જણાવી આ ટુંક લેખ સમાપ્ત કરવામાં આવે છે. રાજર્ષિ ભર્તૃહરી કહે છેકે " સેવા કરનાર માણસ, જો મૌન રહે તો મુંગા (જીભ વગરનો) બોલે તો બોલકણો (બડબડાટ કરનારો), સેવા કરવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસેનો પાસે રહે, તો ધૃષ્ટ ( વધારે છુટ લેનારો ), માન રાખી ( શરમાતો ) આઘો આઘો રહે તો નાદાન, સહનશકતી રાખે તો બીકણુ અને ન કરે તો હલકો ગણાય છે. આ પ્રમાણે યોગીયોથી પણ ન કળી શકાય એવો બીજાની સેવા કરવાનો ધર્મ બહુ કઠીન છે ”

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## *શ્રી કાપરડા પાર્શ્વનાથજી તીર્થ.

એ તો પ્રસિદ્ધ છે કે એક વખતે મારવાડ દેશ જૈન લોકોનું કેન્દ્રસ્થળ હતું અને તે હકુમત, ધન, સંપત્તિ અને ઉચ્ચ ધાર્મિક વાસનાઓથી ભરપુર હતું, તેમ તે વાતના સાક્ષી આજ પણ શિલાલેખો દ્વારા તેમજ પ્રાચીન ધર્મ સ્થાનો દ્વારા નિશંકપણે મળતી રહે છે. મારવાડમાં જોધપુર, વીકાનેર, જેસલમેર, નાગોર, શીરોહી અને, મેડતા, કીસનગઢ, માલપુર, બડા, નાદીયા, બામણવાડા આદિ શહેરોમાં અને તેની રીયાસ્તોમાં અનેક મ્હોટા પ્રભાવશાળી તીર્થ અધિક પ્રાચીન છે. જેમ જોધપુર સ્ટેટમાં ફલોધી તીર્થ છે જેની સ્થાપના ૧૧૮૧ માં થઇ છે અને શ્રીવાદી દેવ સૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે, ત્યાંજ આગળ સાંડેરાવ ગામમાં પ્રાચીન જૈન મંદીર છે તે રાજા વિક્રમાદિત્યના પિતા ગંધર્વ સેને બનાવેલ છે. તે મંદીરનો પુનરૂદ્ધાર સંવત ૧૦૧૦માં સંડેર ગચ્છીય શ્રીમાન ઇશ્વર સૂરિજીએ પદાલંકાર પરમ તપસ્વી શ્રી યશોભદ્ર સૂરિ જેઓએ જન્મ પર્યંત માત્ર આઠ ગ્રાસ–કવલ પ્રમાણ આહારનાં આંબેલથી પોતાની જીવન વૃત્તિ સમાપ્ત કરી હતી. તેમના હાથે પ્રતિષ્ઠા થઇ હતી. આવા અનેક તીર્થો મારવાડ દેશમાં છે. આ કાપરડા પાર્શ્વનાથનું તીર્થ પણ તેજ દેશમાં જોધપુર વીકાનેર સ્ટેટ રેલવેના પીપાડરોડ જંકશનથી બીલારા જાતી રેલ્વેના શેલારી સ્ટેશનથી ચાર માઇલ દુર કાપરડા ગામ છે. અત્યારે તે ગામમાં વસ્તી થોડી છે. અસલ તેની આબાદી સારી હશે તેમ જણાય છે. આ

* શ્રી પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ વિજયાનંદ સૂરિ ( આત્મારામજી ) મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી વલ્લભ વિજયજી મહારાજ તથા પંન્યાસજી શ્રી લલીત વિજયજી મહારાજ વિગેરે મુનિરાજો અનેક સ્થળે ઉપકાર કરતાં વિહાર કરતાં કરતાં હાલ મારવાડ દેશમાં વિચરે છે, જ્યાંથી આ કાપરડાજી તીર્થની યાત્રા કરતાં તેની પ્રાચીનતા સંબંધે ઐતિહાસિક દૃષ્ટિએ તપાસ કરી જૈન સમાજના જાણ માટે પંન્યાસજી શ્રી લલિત વિજયજી મહારાજે એક બુક હિંદીમાં સંક્ષિપ્ત લખેલ છે જે પ્રકટ થયેલ છે તેના સાર રૂપે ગુજરાતીમાં આ ટુંકો અનુવાદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામમાં એક સ્વયંભૂ પાર્શ્વનાથજીનું પ્રાચીન જૈન મંદીર છે. જે જૈતારણમાં રહેનાર ઓસવાળ ભાનાજી ભંડારીયે ૧૬૭૫માં બનાવેલ છે. ભાનાજી ભંડારી તે વખતે જોધપુર રાજ્યના નોકર હતા. જોધપુરના રાજાપાસે ભાનાજી ભંડારી માટે કોઇએ ખોટી હકીકત જાહેર કરવાથી જોધપુરના રાજાએ તે ભંડારીને જલદી હાજર કરવાનો હુકમ આપ્યો જેથી જૈતારણથી ભંડારી જોધપુર આવતાં માર્ગમાં કાપરડા ગામે આવી પહોંચ્યો. જેથી તેમને નોકરે કહ્યું કે—જમીને જલદી ચાલો, પરંતુ ભંડારીજીને શ્રી જિનપ્રતિમાના દર્શન કર્યા વગર અન્ન જળ નહીં લેવાનો નિયમ હોવાથી નહીં લઇ શકું એમ કહ્યું. જેથી સાથેના માણસોએ ગામમાં ફરી તપાસ કરી, જેથી માલુમ પડયું કે યતિજીના ઉપાશ્રયમાં જિનપ્રતિમાજી છે. જેથી ભંડારીએ ત્યાં આવી પ્રભુના દર્શન કર્યા. તેમનો ઉદાસી ચહેરો જોઈ યતિજીએ કારણ પૂછયું. જેથી ભંડારીએ પોતાનું વૃત્તાંત જણાવ્યું. અને પોતાની મુક્તિ થશે કે નહીં ? તે પુછતાં યતિજીએ જણાવ્યું કે, તમો સત્યનિષ્ઠ નિર્દોષ છો જેથી ખુશીથી રાજા પાસે જાઓ તમારોવાળ પણ વાંકો નહીં થાય. ગુરૂનું વચન શીરોધાર્ય કરી જોધપુર પહોંચ્યા. જ્યાં તેની ધર્મપ્રિયતા તેમજ સત્યતાથી ખુશી થઇ રાજ્ય તરફથી પ્રથમથી અધિક માન સન્માન મળ્યું. ત્યારબાદ ભંડારીજી પોતાને ગામ જવા લાગ્યા. જ્યાં રસ્તામાં કાપરડા ગામમાં પ્રભુદર્શન અને ગુરૂદર્શન માટે આવ્યા જ્યાં યતિજીને સર્વ વૃત્તાંત જણાવ્યો અને પ્રાર્થના કરી કે મારા લાયક કામ ફરમાવો ! જેથી યતિજીએ કહ્યું કે અહીંઆ એક જિન મંદિર બનાવવાની જરૂર છે. જેથી ભંડારીજીએ કહ્યુ કે આપનું વચન સત્ય થાય અને એવો સમય જલદી આવે, પરંતુ સંકોચ સાથે પ્રાર્થના કરૂં છું કે આ વખતે હું રૂા. ૫૦૦)સુધી ખર્ચ કરી શકું તેમ છું, ભંડારીજીની સાચી પ્રાર્થનાથી ખુશી થઇ યતિજીએ કહ્યું કે, તમે મંદિરનું કાર્ય શરૂ કરો અને તમારા પાંચસો રૂપૈયા એક ભાજનમાં રાખો ! મરજી મુજબ ખુલ્લા હાથે ખર્ચ કરો અને કારીગરો વગેરેને વગર ગણ્યે દામ ચુકાવો, લેવાવાળા કારીગરોના હાથમાં જેટલું કામ કર્યું હશે અને તેનો હક્ક હશે તેટલું દામ આવશે. સં. ૧૬૭૫ માં જિનમંદિરનું કામ શરૂ કર્યું. સં. ૧૬૭૮ માં પ્રતિષ્ઠા શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથની કરી. ઉક્ત પ્રતિમાજીની પલોંઠીમાં નીચે મુજબ લેખ છે.

## ॥ प्रतिमा के लेख की नकल ॥

" संवत् १६७८ वर्षे वैशाख सित १५ तिथौ सोमवारे स्वातौ महाराजाधिराज महाराज श्री गजसिंह विजयराज्ये उकेशवंशे राय लाखण सन्ताने भंडारी गोत्रे अमरापुत्र भानाकेन भार्या भक्तादेः पुत्ररत्न नारायण नरसिंह

For Private And Personal Use Only

**सोढा पौत्र ताराचंद खंगार नेमिदासादि परिवार सहितेन श्रीकर्पट हेटके स्वयंमू पार्श्वनाथ चैत्ये श्रीपार्श्वनाथ—इत्यादि "**

## ॥ परिकरना लेख की नकल ॥

**संवत् १६८८ वर्षे श्री कापड़हेड़ा स्वयंभू पार्श्वनाथस्य परिकरः कारितः प्रतिष्ठतः श्रीजिन चन्द्रसूरिभिः** *

બન્ને લેખો ઉપરથી જણાય છે કે કેટલા વર્ષોતક કામ મંદીરજીનું ચાલેલ છે. યતિજીએ ભંડારીજીને સાવધાન કરેલા હતા કે રૂપૈયા દીધે જવા, પરંતુ ભૂલથી પણ ગણવા નહીં, પરંતુ હોનહાર મટતું નથી જેથી ભંડારીજીએ ભૂલથી ભાજન ઉઘાડી રૂપૈયા ગણ્યા, જેથી તેના તે રૂા. ૫૦૦) નીકળ્યા; જેથી પછી તે ચમત્કાર બંધ થઇ ગયો જેથી ભંડારીજીને ઘણોજ પશ્ચાતાપ થયો. મંદીરમાં ભોંયરાસહિત પાંચ ખંડ ચાર મંડપ ૧૦૮ સ્તંભ તૈયાર થઇ ગયા, શેષ ભાગ બાકી રહ્યો તે રહી ગયો. તે પછી કોઇએ ઉદ્ધાર કર્યો હશે કે કેમ તે માલુમ પડતું નથી. પરંતુ શ્રી વિજયનેમસુરિજીના અહીં આગળ પધારવાથી તેમના ઉપદેશથી શ્રી સંઘે તેમજ તે પહેલાં શ્રીમાન મોહનલાલજી મહારાજ તથા પંન્યાસ હર્ષમુનિશ્રી અહીં પધાર્યા હતા, તેમના ઉપદેશથી પણ થોડો સુધારો થયો હતો. આવા આવા અનેક તીર્થો મારવાડ દેશમાં છે જેની શોધખોળ અને ઉદ્ધાર, વ્યવસ્થા, રક્ષણ વગેરે કરવાની જૈનકોમને આવશ્યકતા છે. જ્યાં દેવદ્રવ્યની લાખો કરોડો કે હજારોની મીલ્કત સાર્વજનિક હોવા છતાં આવા અપ્રગટ તીર્થોના ઉદ્ધાર માટે વપરાવી જોઇએ ત્યાં તે સ્થળે તેનો વહીવટ કરનારા આગેવાનો પોતાની સત્તાનો ઉપયોગ સાચવી રાખવામાં કરે છે, અને આવી શોધખોળ ઉદ્ધારમાં નહીં ખરચતા હોવાથીજ તેવા દ્રવ્યનું પરિણામ જેમ વિપરિત આવે છે તેમ ઝગડાઓ ઉત્પન્ન થાય છે. ખરી રીતે તેવું દ્રવ્ય આવા કાર્યોમાં સત્વર ખરચી જૈનધર્મના જાહોજલાલી, ગૌરવ અને પ્રાચીનતા ટકાવી રાખવા જોઇએ.

---

# ગ્રંથાવલોકન.

**નંદનવનને આંગણે:**—આ બુક અમોને છગનલાલ સોમચંદ દોશીના તરફથી ભેટ મળી છે. અંગ્રેજ તત્ત્વવેત્તા "**મહાત્મા જેમ્સ એલન**" ના "Byways of Blessedness ના અંગ્રેજી ગ્રંથનો ગુજરાતી અનુવાદ છે. જેમ્સએલનના ઘણા ગ્રંથો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વજ્ઞાનથી ભરપુર અને સામાજીક હોવાથી કોઇ પણ મનુષ્ય પછી તે ગમે તે ધર્મ માનનારો હોય, તેને બધાને એક સરખા પ્રિય થઇ પડે છે. આ ગ્રંથમાં ગુપ્ત આત્મ ભોગ–દયા–ક્ષમા અખંડાનંદ, શાંતિ, આત્મશ્રદ્ધા વગેરે ૧૪ પ્રકરણો પાડી જુદા જુદા વિષયો ઉપર બહુજ સુંદર રીતે સ્પષ્ટ કરી વિવેચન કરવામાં આવ્યુ છે. અમો દરેક મનુષ્યને આ સાધુ પુરૂષ જેમ્સએલનના ગ્રંથો વાંચવાની ભલામણ કરીએ છીયે. આ અનુવાદની બુક દોશી અમુલખ સોમચંદના સ્મરણાર્થે ભેટ મોકલેલ છે. આવા ઉપયોગી ગ્રંથોના પ્રકટ કરનારને સહાય આપી સ્વર્ગવાસી પોતાના સંબંધીયોની પાછળ આવા કાર્યને ઉત્તેજન અને ભેટ આપવાનું આ કાર્ય પ્રશંસનીય છે.

# વર્તમાન સમાચાર.

ગયા માહા શુદ ૩ ના રોજ શ્રી શીહોરથી ગિરનારજી–રૈવતાચળની યાત્રાએ સ્પેશ્યલ ટ્રેનમાં સુમારે પાંચસો માણસોનો સંઘ રવાના થયો હતો. સંઘવી શીહોર નિવાસી શાહ તલકચંદ ગોબર તથા શાહ ન્યાલચંદ દોલાલજી બે ગૃહસ્થો હતા કે જેણે ટ્રેનનો ગીરનારજી જવાનો ખર્ચ આપ્યો હતો અને ત્યાંની તમામ સગવડ એ બંને ગૃહસ્થો સંઘવી તરફથી કરવામાં આવી હતી માહા શુદ ૧૪ અને વદી ૧ ના રોજ શહેરના મુખ્ય જિનાલયમાં પૂજા વગેરેથી પ્રભુ ભક્તિ કરી હતી અને શ્રી સંઘ શુદ ૧૫ રોજ ડુંગર ઉપર ગયો હતો જ્યાં શ્રી નેમિનાથ ભગવાનની યાત્રા, દર્શન, વંદન પૂજા વગેરે કરી શ્રી નવાણુ પ્રકારની પુજા ભાવના અને છેવટે બંને સંઘવીઓએ માલારોપણ વિગેરે માંગલીક કાર્યો કર્યા હતા. બંને સંઘવીનો ઉત્સાહ સારો હતો. આવા નિમિત્તથી અનેક ભવ્યાત્માઓ શુભ કર્મ ઉપાર્જન કરે છે. અને સંઘની સેવા કરનાર આવા પુરૂષો ઉત્તમ ભાવનાથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરી કાર્ય કરે તો તીર્થંકર ગોત્ર પણ બાંધે છે. આ શુભ કાર્ય માટે બંને ગૃહસ્થોને ધન્યવાદ આપવા સાથે એટલી સમયાનુસાર સુચના કરીયે છીયે કે જેમ આ શુભ કાર્યમાં એક સારી રકમનો વ્યય કર્યો તેમ જૈન બંધુઓને કેળવણી આપવા અથવા નિરૂદ્યમીને ઉદ્યમે ચડાવવા પતિતને ધર્મને રસ્તે ચડાવવા માટેના કાર્યોમાં સાથે થોડો વ્યય કરવાની જરૂર આ કાર્ય સાથે આ સમયમાં છે, છતાં હવે પછી પણ જૈન સમાજની ઉન્નતિ માટે તેવું કાંઇ પણ તેઓ બંને બંધુઓ કરશે એવી ભલામણ કરીયે છીયે.

# સુધારો.

**ગયા માસના અંકમાં આવેલ "દશ શ્રાવક કુલક" નામના લેખમાં પાને ૧૯૬ માં પાંચમી લીટીમાં એ અગ્યારે ઉત્તમ શ્રાવકો એમ પ્રેસ દોષથી છપાયેલ છે તેને બદલે "એ દશે ઉત્તમ શ્રાવકો" એમ વાંચવું.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત

## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમાં સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતા તેવા જીવોને ઉપકાર કરવા નિમિતેજ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારનેજ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવ અધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ કયારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે ! ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મજ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન શ્રીમાન્ ગ્રંથકર્તાએ અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ.૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

## જીવન–સુધારણાના સન્માર્ગો.

### પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખોનો સંગ્રહ

**પ્રયોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.**

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શક્તિ પ્રેરનાર તેમજ માનસિક શક્તિઓનો અજબ વિકાસ કરનાર ઉમદા સદ્દવિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિં. રૂા. ૧ાા

મળવાનાં ઠેકાણાં:—

(૧) શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

(૨) જીવનલાલ અમરશી મહેતા
પીરમશાહ રોડ—અમદાવાદ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આવતી કાલનો પુરૂષ.

" આવતી કાલનો માણુસ તે પુરૂષ શ્રેષ્ઠ હજુ પ્રકટ થયો નથી, પણ તે આવે છે; કેમકે આખી દુનિયા તેની રાહ જુએ છે. ધરતી ધ્રુજે છે. જ્યારે જ્યારે તે યોગીશ્વર આવે છે ત્યારે ત્યારે તેની પહેલાં વાવાઝોડાં, તોફાન અને ઝંઝાવાત થાય છે તેમજ હૃદયને પવિત્ર કરનાર અગ્નિ પ્રદિપ્ત થાય છે. ત્યારપછી અને ત્યાર- પછીજ નવજીવન ઉત્પન્ન કરનાર સૌમ્ય પ્રાણ દુનિયા ઉપર સંચરે છે. તે મહાદેવ છે, પશુ બળથી તેઓ• તે વાવાઝોડા ઉપર કાબુ મેળવવા મથે છે. વિજળીને શાંત કરવા માગે છે અને પંચમહા-ભૂતના પ્રવાહને સ્તંભિત કરવા માગે છે. મહાસાગરની ભરતીને થોભાવવા માગે છે. તેમને લાગે છે કે આ પૃથ્વી તેમના અહંકારી સ્વાર્થને તૃપ્તી ખાતરજ છે તેઓ જાણતા નથી કે આ જગત પ્રભુને માટે છે, ભવિષ્યના દેવી પુરૂષને માટે છે. તે ભવિષ્યનો પુરૂષ આપણા જેવો નથી, આપણી કલ્પના પ્રમાણે પણ નથી.

આજનો માણુસ દુર્બળ છે તેથી તે પશુબળની ઇચ્છા રાખે છે તે કૃપણ છે, તેથી ધનની લાલસા રાખે છે. આવતી કાલનો પુરૂષ તે દૈવી પુરૂષ નિઃશસ્ત્ર હોવા છતાં સમર્થ હશે અને અકિંચન હોવા છતાં સમૃદ્ધ હશે. તે કશું મેળવવા ન જાય. કેમકે બધું તેનુંજ છે. તે શક્તિ કે અધિકારની પાછળ નહિ પડે, કેમકે તે સર્વ શક્તિમાન હશે. આજનો માણુસ વિજ્ઞાન ઉપર વિશ્વાસ રાખે છે, કેમકે તે અજ્ઞાની છે. ભવિષ્યનો માણુસ સ્વયંપ્રજ્ઞ હશે, તેને જ્ઞાનનો સાક્ષાત્કાર થયો હશે. આજનો માણુસ દુન્યવી કાયદાઓ અને નિયમોનું પાલન કરીને પોતાને શુદ્ધ માને છે, આવતી કાલનો દિવ્ય પુરૂષ બાહ્ય બંધનથી મુક્ત હશે. તે શુદ્ધ અંતઃ પ્રેરણાના નિયમનેજ વશ હશે. આજના માણુસની ધાર્મિકતા કોઇ પણ એક ધર્મ માનવામાં સમાએલો છે. બધા ધર્મોના ભિન્ન ભિન્ન રસ્તાઓ છે. શિખર ઉપર રસ્તો ક્યાંથી હોય ? ભવિષ્યના માણુસનો અમુક ધર્મ ન હોય અથવા તો બધા ધર્મ એનાજ છે, કેમકે તેણે ઇશ્વરનો સાક્ષાત્કાર કરેલો હશે. બધા ધર્મનું રહસ્ય એમાં સમાયેલું હશે. પ્રકાશમાં તેમજ અંધકારમાં તેનો પ્રવેશ હશે. જેમ પૃથ્વીનો તેમજ સ્વર્ગનો તે વાસી હશે. તે આ દુનિયાનો સ્વામી પણ હશે તેમજ સેવક પણ હશે. આજના માણસો તેની કલ્પના શામાટે કરો છો ? તેનું વર્ણન શા માટે કરો છો ? તમેજ આવતી કાલના માણુસ બની જાઓ. તે તમારી પાસેજ છે, પણ અદ્દશ્ય છે. તમારૂં હૃદય ખોલીને તેને સ્થાન તે એકજ માણુસમાં પ્રવેશ ન કરે, તે આખા સમાજમાં પણ પ્રવેશ કરવા માગે છે. તેજ તમે થાઓ, અને આ દુનિયા ઉપર તેનું રાજ્ય થાઓ. "

શ્રી પૉલ રિશાર.

For Private And Personal Use Only